# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૮ : અંક–૧૭૭ વર્ષ - ૧૬ : જૂન–૨૦૧૨

## વીર સંવત ૨૪૯૨, અષાઢ વદ ૨, સોમવાર, તા.૪-૭-૧૯૬૬, યોગસાર ગાથા–૬૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન–૨૫



'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ ભરતક્ષેત્રને વિષે ઘણા સેંકડો વર્ષ પહેલા થયા, એમણે આ 'યોગસાર' બનાવ્યું છે. યોગસાર એટલે આ આત્માનો શુદ્ધ સ્વભાવ પવિત્ર અનાદિ છે, એમાં એકાકાર થવું એ ધર્મનો સાર છે. સમજાણું કાંઈ? આત્મા... જુઓ! ૬૯માં ઇ આવે છે – **'જીવ સદા એકલો છે.'**

**इक्क उपज्जइ मरइ कु वि दुहु सुहु छुंजइ इक्कु।**

**णरयहं जाइ वि इक्क जिउ तह णिव्वाणहं इक्कु।।६९।।**

જુઓ! શું કહે છે? **'જીવ એકલો જ જન્મે છે અને એકલો જ મરે છે.'** એકલો જીવ મરે છે, દેહ છૂટે છે તો પોતાએ એકલાએ જ મરવું પડે છે. કોઈ સ્વજન, કુટુંબ સાથે આવી શકતા નથી. અને એકલો જન્મે છે. જન્મમાં પણ કોઈ સાથે નથી. પૂર્વના કોઈ કુટુંબીએ એને માટે પાપ કર્યા હોય તો સાથે કોઈ આવે છે? નરકમાં જન્મ લે, પશુમાં જન્મ લે. પોતે એકલો જન્મે છે અને એકલો મરે છે, કોઈ સાથે નથી.

**'इक्क जिय णरयहं जाइ'** જેવા ભાવ કર્યા હોય એવા પોતાના ભાવ લઈને નરકમાં જાય. એકલો નરકમાં જાય છે, કોઈ કુટુંબ પરિવાર સાથે આવતા નથી. તમારે માટે મેં પાપ કર્યા અમારી સાથે તો ચાલો. અને **'इक्क णिव्वाणहं' 'તથા એકલો જીવ પછી નિર્વાણ પામે છે.'** પોતાનું શુદ્ધ સ્વરૂપ, પરમાનંદ પરમ સ્વરૂપ, એની એકત્વબુદ્ધિ દૃષ્ટિ એકાંત નિર્મળ કરીને પોતાના સ્વભાવમાં સ્થિર થઈને આત્મા પોતાથી એકલો મોક્ષમાં જાય છે. કહો, સમજાય છે? કોઈ ગુરુ પણ સાથે આવતા નથી, કેવળી પણ સાથે આવતા નથી, શાસ્ત્ર સાથે આવતા નથી, સંઘ સાથે આવતો નથી. પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે, તેને પુણ્ય-પાપના રાગથી ભિન્ન કરી નિજ સ્વરૂપમાં એકત્વ થઈને પોતાનો આત્મા જ પોતાને નિર્વાણ પ્રાપ્ત કરાવે છે, એમાં કોઈની મદદ–સહાય છે નહિ. કહો, સમજાય છે?

**'અહીં એકત્વ ભાવનાનો વિચાર કરવામાં આવ્યો છે.'** આ શ્લોકમાં એકત્વ ભાવના–હું એકલો છું (તેનો

વિચાર કર્યો છે). **'આ જીવે એકલા જ જન્મવું અને એકલા જ મરવું પડે છે, દરેક જન્મમાં માતા, પિતા, ભાઈ, બંધુ વગેરે મિત્રો અને અન્ય ચેતન-અચેતન પદાર્થોનો સંયોગ થતો રહ્યો અને છૂટતો રહ્યો છે.'** અનેક જન્મમાં કુટુંબનો સંયોગ થયો અને સંયોગ છૂટી ગયો, પોતે તો એકલો જ રહ્યો, કોઈ સાથે આવ્યું નહિ. એમ જાણીને પોતાના સ્વરૂપનું અંતર સાધન કરવું, એમ કહે છે. 'યોગસાર' છે ને? સમજાય છે કાંઈ? **'આ જીવે એકલા જ બધાને છોડીને બીજી ગતિમાં જવું પડ્યું. એક પાપપુણ્ય કર્મ જ સાથે રહ્યું.'** જેવા પુણ્ય અને પાપ કર્યા એ સાથે આવ્યા, બીજું તો કોઈ સાથે આવતું નથી.

**'કર્મોનો બંધ આ જીવ પોતાના શુભ અને અશુભ ભાવોથી જેવો કરે છે તેવું જ તેમનું ફળ આ જીવ એકલો જ ભોગવે છે.'** સમજાય છે? શાસ્ત્રમાં કથામાં એક દૃષ્ટાંત છે કે, નાના ભાઈ માટે મોટા ભાઈએ ઘણા પાપ કર્યા હતા. નાનો ભાઈ રોગી હતો. મોટો ભાઈ એને માંસ, ઇંડા લાવીને ખવડાવતો. એને ખબર નહિ કે આ માંસ છે. પછી મોટો ભાઈ મરીને નરકમાં ગયો અને નાનો ભાઈ જમ, પરમાધામી થયો. બે સગાં ભાઈ. જેને માટે પાપ કર્યા હતા એ મરીને પરમાધામી થયો. પાપ કરવાવાળો નારકી થયો. (પરમાધામી એને) મારે. 'અરે..! ભાઈ! પણ મેં તારી માટે કર્યું હતું ને!' 'મારી માટે (કરવાનું) કોણ કહેતું હતું?' 'તમારી માટે મેં પાપ કર્યા હતા અને તારી માટે કુપથ્ય ઇંડા લાવીને આપ્યા, માંસ લાવીને આપ્યું, માછલીનું માંસ આપ્યું. આ શિરો છે એમ કરીને મેં આપ્યું હતું.' (એટલે પરમાધામી કહે છે), 'મને તો ખબર નથી, તેં આવું કેમ કર્યું? હું તો પરમાધામી થયો છું એટલે હું તો મારીશ.' સમજાય છે કાંઈ? એ પાપ અને પુણ્ય જેવા શુભાશુભ(ભાવ) કર્યા છે (તે) એકલાએ ભોગવવા પડે છે.

કુટુંબ માટે કરે તો કહે છે, **'નરકાયુનો બંધ પડે છે તો આ જીવે એકલા જ નરકમાં જઈને દુઃખ સહેવું પડે છે. કોઈ કુટુંબીજન તેની સાથે આવી શકતું નથી.'** આવી શકે છે કોઈ? અને **'પોતાની સાથે કોઈ મિત્ર, સ્ત્રી, પુત્રને લઈ જઈ શકતો નથી.'** ભાઈ! ચાલો તમે મારા ઘણા નજીકના મિત્ર હતા. સાથે તો આવે, સાથે તો આવો. આપણે તો પચાસ-સાંઈઠ-સાંઈઠ વર્ષ સાથે રહ્યા, સ્ત્રી-પત્ની સાંઈઠ-સીત્તેર વર્ષ સાથે રહે, લ્યો! ચાલો હું જાઉં છું તમે પણ સાથે આવો. **'દરેક જીવની સત્તા જુદી છે.'** કોઈની સત્તા કોઈની સાથે (ભળેલી) નથી. જેણે જેવા ભાવ કર્યા તેવા તે (ભોગવે) છે.

**'કર્મોનો બંધ જુદો છે, ભાવોનું પલટવું જુદું છે,...'** બધા જીવોનું કર્મબંધન જુદું અને ભાવોનું (પલટવું) પણ જુદું અને **'શાતા અને અશાતાનું ભોગવવું જુદું છે.'** બરાબર છે, બધાનું જુદું? પત્ની પચાસ-સાંઈઠ-સીત્તેર વર્ષ સાથે રહે તોપણ (જુદું)?

મુમુક્ષુ :– બધા ભેગા થઈને ભોગવે?

ઉત્તર :– બધા ભેગા થઈને ભોગવે કે નહિ? એ..ઇ...! ધૂળમાંય ભોગવતા નથી. સૌ પોતાના રાગને ભોગવે છે. ભિન્ન ભિન્ન રાગ કરીને ભોગવે છે. પૈસા ક્યાં ભોગવે છે? પૈસા કોઈ ખાય જાય છે? આ..હા...! જુઓ!

**'ચાર ભાઈ હોય તો એક જ સ્થિતિમાં રહી શકતા નથી.'** ચાર ભાઈનો દાખલો આપ્યો છે. હેં? છે એમાં? **'ચાર ભાઈ હોય તો એક જ સ્થિતિમાં રહી શકતા નથી. એક ધનવાન થઈને સાંસારિક સુખ ભોગવે છે.'** જુઓ! સાંસારિક સુખ ભોગવે છે એટલે દુઃખ (ભોગવે છે). **'એક નિર્ધન થઈને કષ્ટપૂર્વક જીવનનિર્વાહ ચલાવે છે, એક વિદ્વાન થઈને દેશપ્રસિદ્ધ થઈ જાય છે,...'** વિદ્વાન હોય તો દેશમાં આબરૂ થાય. એમાં શું? **'એક મૂર્ખ રહીને બધાનો અનાદર મેળવે છે.'** ચાર ભાઈના ચાર (પ્રકાર). 'શ્રેણિક', 'અભયકુમાર' એકસાથે જમતા હતા. બહુ પ્રીતિ હતી, 'શ્રેણિક' રાજાને 'અભયકુમાર' ઉપર બહુ પ્રીતિ હતી અને એ તો દિવાનપણાનું કામ કરતા હતા અને બુદ્ધિવાળા બહુ. 'અભયકુમારની બુદ્ધિ' એમ વાણિયા લખે છે કે નહિ? ચોપડામાં લખે છે.

મુમુક્ષુ :– ઘરાકને સાચવતા આવડે.

ઉત્તર :– સાચવતા શું આવડે? ઓલો બુદ્ધિવાળો હતો. તો આ કહે, અમને બુદ્ધિ હજો. શેની બુદ્ધિ? તમને એમ મળી જતી હશે?

કહે છે, એ 'અભયકુમાર' ઉપર એટલી પ્રીતિ

(હતી). 'અભયકુમાર' સ્વર્ગમાં ગયો. 'શ્રેણિક' રાજા નરકમાં ગયા. સમજાય છે કાંઈ? એકસાથે જમતા હતા. એક નરકમાં ગયા, એક સ્વર્ગમાં ગયા, કોઈ મોક્ષમાં ગયા. સમજાય છે? બીજા રાજકુમાર સાથે હતા તે મોક્ષમાં ગયા. જેવી પોતાની પર્યાય કરે છે તેવું તેનું ફળ મળે છે. એકસાથે જમનારા... શાસ્ત્રપાઠ દેખ એવું છે. એકસાથે જમનારા પણ શાસ્ત્રપાઠે દેખ. એક નરકમાં જાત હૈ ને એક મોક્ષમાં જાત હૈં, એસા દેખ. શું કહે છે? જુઓ! કહે છે, તારા પરિણામ તું સુધાર અને પોતાનો આત્મા શુદ્ધ આનંદકંદ છે એવી દૃષ્ટિ કરીને આત્માનું ધ્યાન, અનુભવ કર. એ જ મોક્ષનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાય છે કાંઈ?

**'જ્યારે રોગ આવે છે ત્યારે આ જીવે તેની વેદના સ્વયં જ સહેવી પડે છે. પાસે બેસનારા કોઈ પણ આ વેદનામાં ભાગ પડાવી શકતા નથી.'** પાસે બેઠા હોય ને? હાથ ફેરવ, હાથ. રોગનો થોડો ભાગ એ લે કે નહિ? કોણ લે? સમજાણું કાંઈ? **'સંસારના કાર્યોમાં પણ આ જીવે એકલા જ આચરણ કરવું પડે છે.'** સંસારમાં પણ એકલો વર્તે છે ને? **'બધા જ સંસારી જીવો પોતપોતાના સ્વાર્થના સાથી છે. સ્વાર્થ ન સધાય ત્યારે સ્ત્રી, પુત્ર, મિત્ર, ચાકર સૌ આપણા પ્રત્યે પ્રેમ છોડી દે છે.'** સ્વાર્થ ન હોય તો છોડી દે, નહિ, એમાં કંઈ છે નહિ. કમાતા હતા ત્યાં સુધી ઠીક છે, હવે કમાતા નથી. બરાબર છે કે નહિ?

મુમુક્ષુ :-

ઉત્તર :- બધું હોય તો સૌને એમ જ છે. તમને એકને છોડે એટલે શું થઈ ગયું? એને પણ અંદરમાં તો એવું જ હોય. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'બીજાના અસત્ય મોહમાં પડીને પાપકાર્ય ન કરવું જોઈએ. ... હોડીમાં બેઠેલા પ્રવાસીઓની જેમ સર્વ સંયોગોને છૂટી જાય એવા અસ્થિર માનવા જોઈએ.'** એક હોડીમાં બધા બેઠા હોય, સૌ પથિક પોતપોતાના ઘરમાં ચાલ્યા જાય છે, પોતાના ગામમાં ચાલ્યા જાય છે. સાથે બેઠા હોય એ બધા એક ગામમાં જાય છે, એવું છે? એક હોડીમાં બેઠા હોય તો એક જણ એક ગામમાં જાય, બીજો બીજા ગામમાં જાય, ત્રીજો ત્રીજામાં. એમ એક ઘરમાં પચીસ માણસ આવ્યા. એક જાય નરકમાં, એક જાય સ્વર્ગમાં, એક જાય મોક્ષમાં. જેવો પોતાના આત્માનો પુરુષાર્થ કરે તેવું તેનું ફળ મળે છે. કોઈનો સાથ-સથવારો નથી. સમજાણું કાંઈ?

**'તેમાં રાગ, દ્વેષ, મોહ ન કરતાં સમભાવમાં રહેવું જોઈએ.'** એમ કહે છે. ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, એમાં દયા, દાન આદિ વિકલ્પ આદિ, ભક્તિ, જાત્રાનો (ભાવ) આવે એ બધા પુણ્યભાવ છે, એ ધર્મભાવ નથી. હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ, વાસના એ પાપ છે. દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા, જાત્રા પુણ્ય છે. બન્ને રાગથી પોતાનો આત્મા ભિન્ન છે એમ જાણીને પોતાના આત્માની શ્રદ્ધા, ધ્યાન કરવું એ જ પોતાની શુદ્ધિની વૃદ્ધિનું કારણ છે, એ જ મોક્ષનું કારણ છે. કહો, સમજાણું કાંઈ?

**'જો એ રત્નત્રયથી ધર્મની સમ્યક્ પ્રકારે આરાધના કરે તો પોતે જ એકલો મોક્ષ પામે છે.'** સંસારના બધા કુટુંબી નરકે જાય, ચાર ગતિમાં જાય, ભલે જાઓ. આત્મા-પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે). સમજાય છે કાંઈ? પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે. એમ તેની રુચિ, દૃષ્ટિ કરી, આત્માનું જ્ઞાન કરી આત્મામાં જ લીન થવું તે રત્નત્રય એક જ મોક્ષનું કારણ છે. એ રત્નત્રય પોતાથી થાય છે, કોઈ બીજાથી થતા નથી. પોતાના આત્માના આશ્રયે થાય છે. એમાં કોઈની સહાય નથી. ભગવાન, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ એમાં મદદ કરતા નથી. સમજાય છે કાંઈ?

એક જણ ભગવાનના મંદિરમાં માળા ગણતો હતો. 'સણોસરા'વાળા હતા ને? 'ઉમરાળા' રહેતા હતા ને? વિસાશ્રીમાળી. એ ન્યાં મંદિરમાં માળા ગણતા હતા, ન્યાં મરી ગયા. એથી એમ કે, ઓ..હો..હો...! મંદિરમાં મર્યા. મંદિરમાં (મર્યા) તો શું થયું? માળા ગણતા હોય તો શુભભાવ છે, તેનાથી પુણ્ય છે, સમજાણું કાંઈ ? એ ધર્મ-બર્મ છે નહિ. લોકો કહે, ઓ..હો..હો...! બહુ ભાગ્યશાળી! ઉપરથી મડદું ઉતાર્યું. ત્યાં ભગવાનના મુખ્ય મંદિરમાં મરી ગયા હતા. માળા ગણતા હતા ત્યાં

દેહ છૂટી ગયો. આ 'સણોસરા'ના હતા ને? વિસાશ્રીમાળી, દેરાવાસી. ત્યાં રહેતા અને મકાન અહીં હતું. અમારા 'ઉમરાળા'માં મકાન કરેલા. અહીં આવતા. એને લઈને 'સણોસરા' ગયા હતા. ઉપરથી મડદું ઉતાર્યું તો લોકો કહે, ઓ..હો..હો...! સિદ્ધગિરિમાં મૂક્યાં. સિદ્ધિગિરિમાં (મરે પણ) નરકે જાય, એમાં શું છે? સિદ્ધગિરિમાં મરે ને નરકે જાય. અને સાધારણ શુભભાવ હોય તો પુણ્ય બાંધે, એમાં કાંઈ કલ્યાણ થઈ જાય, જન્મ-મરણના અંત આવે એમ નથી. ભગવાનની સામે બેઠો હોય તોપણ જેવો રાગ કરે એવો બંધ પડે છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના ભાવથી મારી ચીજ ભિન્ન છે. મારી ચીજ જ ભિન્ન છે એમ પોતાના આત્માની શ્રદ્ધા, જ્ઞાન કરે તો તેને રત્નત્રય પ્રગટ થતાં તેનાથી મુક્તિ થાય છે, બીજા કોઈ ઉપાયે મુક્તિ છે નહિ.

**'દરેક જીવના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ બીજા જીવથી જુદા છે.'** બરાબર છે? શું કહ્યું? દરેક જીવ–પ્રત્યેક જીવ, તેનું દ્રવ્ય ભિન્ન, ક્ષેત્ર ભિન્ન, કાળ ભિન્ન અને ભાવ ભિન્ન. **'દરેક જીવ પરમ શુદ્ધ છે.'** લ્યો! ઉતાર્યું છે ખરું, ક્યાંક બીજે ઉતાર્યું હશે, બરાબર છે. ઓલામાં ઉતાર્યું છે, ૭૦ માં ઉતાર્યું છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ઉતાર્યા છે. દરેક જીવનો પરમધર્મ શુદ્ધ છે. **'દરેક જીવ પરમ શુદ્ધ છે. ન તેને આઠ કર્મોનો સંયોગ છે, ન શરીરનો સંયોગ છે, ન વિભાવ ભાવોનો સંયોગ છે.'** પુણ્ય-પાપના દયા, દાનના ભાવ એ પણ સંયોગી ચીજ છે, આત્માની નથી. એ બધા વિભાવ પરભાવ છે. એમ પોતાના એકલા સ્વભાવની દૃષ્ટિ કરીને વિચારવું અને હું **'સિદ્ધ સમાન શુદ્ધ, નિરંજન અને નિર્વિકાર છું.'** એમ પોતાને એકલો જાણી **'પોતાના સ્વભાવમાં મગ્ન રહેવું જોઈએ.'** શ્રદ્ધા, જ્ઞાન કરીને સ્થિર રહેવું તે જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ ધર્મમાર્ગ છે નહિ.

છેલ્લે પણ કહ્યું છે, જુઓ! 'બૃહત્ સામાયિક' પાઠ છે ને? મોટી સામાયિકનો પાઠ છે. **'તું મૂઢ બનીને આવી મિથ્યા કલ્પના કર્યા કરે છે કે હું ગોરો છું, રૂપાળો, મજબૂત શરીરવાળો છું, દૂબળો છું, જાડો છું, કઠોર છું, દેવ છું, મનુષ્ય છું, પશુ છું, નારકી છું, નપુંસક છું, પુરુષ છું, સ્ત્રી છું.'** એ બધું મૂઢ થઈને માને છે. આત્મા એવો છે જ નહિ. **'તું તારા આત્માને જાણતો નથી કે એ તો એકલો જ્ઞાનસ્વભાવી,...'** (છે). ભગવાન જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વભાવ, ચૈતન્યમૂર્તિ નિર્મળાનંદ **'સર્વ દુઃખરહિત અવિનાશી દ્રવ્ય છે.'** નાશ ન થાય તેવો પદાર્થ છે. આવા પદાર્થની અંતર દૃષ્ટિ કરી રત્નત્રય પ્રગટ કરવા એ પોતાનું સ્વતંત્ર કારણ છે, એમાં કોઈની મદદ નથી.

## પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીનો જન્મ મહોત્સવ આનંદ-ઉલ્લાસપૂર્વક સંપન્ન

ભાવી તિર્થાધિનાથ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના મહાપુરાણના પાત્ર પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીનો ૧૦૧ મો જન્મ મહોત્સવ તા.૩૦-૪-૨૦૧૨ થી ૨-૫-૨૦૧૨ પર્યંત સુવર્ણપુરી તીર્થધામસ્થિત 'ગુરુ-ગૌરવ' સ્મારક ભવનમાં અત્યંત આનંદથી ઉજવાયો. આ પ્રસંગે બહારગામથી અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ પધારીને ત્રણ દિવસીય ધાર્મિક કાર્યક્રમનો લાભ લીધો.

તા. ૨-૫-૨૦૧૨ના દિવસે શ્રી દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપરના પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના ધારાવાહી પ્રવચન 'ગુરુ-ગિરા ગૌરવ' ભાગ–૨ (હિન્દી) ની અર્પણવિધિ કરવામાં આવી. ત્યાર બાદ પારણાઝુલન, જન્મ વધામણા, ભક્તિ આદિ કાર્યક્રમો થયા.



# શ્રી પરમાગમસાર, વચનામૃત-૧૪૮ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૫૨ (તા.૨૬-૧૨-૧૯૮૨, ભાવનગર)

**જિજ્ઞાસુને પહેલા એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય, આયુષ્ય બંધાઈ ગયું હશે તો ! એવી શંકાને સ્થાન ન હોય. મોળી-પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી બંધાયેલો પોતે છે તેને જો, તું જ દેવાધિદેવ છો તેમ લેવું જોઈએ. ૧૪૮.**

૧૪૮. **'જિજ્ઞાસુને પહેલા એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય, આયુષ્ય બંધાઈ ગયું હશે તો ! એવી શંકાને સ્થાન ન હોય.'** શું કહે છે ? જે જિજ્ઞાસુ જીવ પોતાનુ હિત કરવા તત્પર થયો છે, પોતાનું કલ્યાણ કરવા કૃતનિશ્ચયી છે, દૃઢનિશ્ચયી છે, એને એની યોગ્યતામાં એને પોતાના ભવી-અભવીપણા વિષે શંકા હોતી નથી. મોક્ષ પામવાને લાયક કોણ છે ? કે જે ભવી છે તે મોક્ષ પામવાને લાયક છે. અભવી છે તે મોક્ષ પામવાને લાયક નથી. જોકે અનંતા એવા ભવી છે કે જે અભવીની બરાબરી કરે છે, અભવી જેવા છે. જેમ અભવીનો મોક્ષ થતો નથી. એવા અનંતા ભવીનો પણ મોક્ષ થવાનો નથી અથવા થતો નથી અને થવાનો પણ નથી. આ જગતની પરિસ્થિતિ કેવળજ્ઞાનમાં દેખાણી છે તે પ્રસિદ્ધ છે. જૈનાગમને વિષે આ પરિસ્થિતિ પ્રસિદ્ધ છે.

હવે અનંતા જીવોમાં, જીવોનો અનંત જીવરાશિ છે. મોટો સમૂહ છે, એમાં દરેકને પોતાના સુખ અને પોતાના મતલબથી સંબંધ છે. એથી આગળ કોઈને કાંઈ સંબંધ નથી. તો જે જીવ પોતાનો વિચાર કરે છે એને પોતાના કલ્યાણની અત્યંત તીવ્ર ભાવના અને તીવ્ર લગની છે એને શંકા નથી પડતી. આ એની લાયકાતનું એક લક્ષણ છે, ચિહ્ન છે. એને શંકા ન થાય એવી લાયકાતનું આ લક્ષણ અથવા ચિહ્ન છે.

જે જીવ પાત્ર છે, લાયક છે અને સ્વરૂપ સમજવાનો જિજ્ઞાસુ છે એને હું મોક્ષ પામીશ કે નહિ ? મારામાં મોક્ષ પામવાની લાયકાત છે કે નહિ ? એવી કુશંકા એને પોતાને વિષે, પોતામાં ઉત્પન્ન થતી નથી. આ જ્ઞાનીઓએ કહેલું અનુભવસિદ્ધ વચન છે. કેમ કે એ પણ એક કાળમાં જિજ્ઞાસુ હતા ને ? પછી મોક્ષમાર્ગમાં આવ્યા ત્યારે તો કાંઈ પ્રશ્ન નથી. એમને તો મોક્ષ હાથવેંતમાં અથવા હથેળીમાં દેખાય છે. પણ એ પહેલા પણ એ જિજ્ઞાસુ હતા. મોક્ષમાર્ગમાં પ્રવેશ કર્યા પહેલા એ જિજ્ઞાસુ હતા. એ પોતાની જિજ્ઞાસુ દશાની સ્મૃતિથી વાત કરે છે કે મારી જિજ્ઞાસુ દશામાં મેં એવો અનુભવ કર્યો છે કે ક્યાંય મને મારા મોક્ષના સંબંધમાં ક્યારેય મને શંકા નથી થઈ કે હું મોક્ષ પામવાને લાયક હોઈશ કે નહિ ? ભવિ હોઈશ કે નહિ ? અભવી હોઈશ તો ? એવી શંકા એને કદી થતી નથી.

મુમુક્ષુ :– વ્યવહારમાં શંકા નથી પણ દુકાનનું ઉદ્ઘાટન કરે ત્યારે હું કમાઈશ કે નહિ કમાઉં ? એ પ્રકારની ચિંતા નથી થતી.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં તો દુકાન માંડે છે ને, એ એમ જોવે છે કે આ રાંધનપુરી બજારમાં, તમારે જો કે કાપડનું નથી પણ આ બે બાજુ ૫૦-૫૦, ૧૦૦-

૧૦૦ દુકાનો છે. પણ આપણી જે નવી દુકાન છે એ ૧૦૦ થી આગળ છે. દિવાળુ કાઢીશ એનો તો વિકલ્પ કરતો નથી. પણ ૧૦૦થી આગળ હું જઈશ. એવું જોરથી એ મંડાણ કરે છે. જ્યારે એ દુકાન માંડે છે ત્યારે આટલા જોરથી માંડે છે.

એમ મોક્ષમાર્ગનો પ્રવેશ પણ બહુ જોરથી આવે છે. મોક્ષમાર્ગનો પ્રવેશ બહુ જોરથી આવે છે, જે આખી દુનિયાને ઉડાડે છે. 'જગત ઇષ્ટ નહિ આત્મથી.' આ આત્માથી આખું જગત ક્યાંય ઇષ્ટ નથી. જગતમાં કોઈ પદાર્થ મારે માટે ઇષ્ટ નથી. એવા આખા જગતને ઉડાડીને જેનું જોર સ્વરૂપમાં આવે છે. એ સ્વરૂપ સન્મુખ થાય છે. એટલે એ બધાથી આગળ નીકળવાની જ વાત છે. આખા જગતમાં હું પહેલો. બીજા પામે કે ન પામે, હું તો પામવાનો જ છું. એ વાત ઉપર એને કદી શંકા થતી નથી. એ મંડાણ કરનારાનું લક્ષણ છે.

કોઈપણ લાઇનમાં એની શરૂઆત કરે છે એનું એ લક્ષણ છે કે એને કદી શંકા થાય નહિ. અને શંકા હોય એ કાર્યનો પ્રારંભ કરી શકે નહિ. આ નિશ્ચિત વાત છે. જો શંકા રહેતી હોય તો એને શરૂઆત નહિ થાય એમ કહે છે. 'જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ.' 'શ્રીમદ્જી'નું પદ છે. શંકા છે ત્યાં ભય છે અને સંતાપ છે. જ્યાં ચોખ્ખું જ્ઞાન છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમાં શંકા શું ? જ્ઞાન તો પ્રતિ સમય થઈ જ રહ્યું છે.

હું જ્ઞાનસ્વભાવી આત્મા હોવાથી સહજપણે જ્ઞાનનું થવું મારા આત્માને વિષે થઈ જ રહ્યું છે. તેથી હું જ્ઞાનસ્વભાવી છું કે નહિ ? એ પ્રશ્નની શંકા કરવાનો ક્યાં સવાલ રહે છે ? એ શંકા કરવાનો કોઈ અવકાશ નથી. એને મારો મોક્ષ થશે કે નહિ ? એ આશંકા થતી નથી. શંકા પણ નથી થતી અને આશંકા પણ નથી થતી. કાંઈ નહિ.

'ગુરુદેવશ્રી' તો શરૂ શરૂના પ્રવચનોમાં એવું કહેતા. બહુ જુના પ્રવચનો વાંચેલા. 'સોનગઢ'માં દાખલ પછી બહુ જૂના 'આત્મધર્મ' મગાવીને પ્રવચનો વાંચેલા. એમાં એ વાત બહુ આવતી. મુમુક્ષુજીવને, જિજ્ઞાસુજીવને એવો પોતાના સ્વકાર્યનો ઉત્સાહ હોય છે, એવો ઉમંગ હોય છે, સ્વકાર્ય કરવાનો એટલો રસ હોય છે. આ દુકાન માંડનારને એવું જ હોય છે. એને સ્વપ્ના એવા જ આવે. એને ભાવના જ સ્વપના આવે. એને દુકાનના જ સ્વપ્ના આવે. અને બધું એ જ ખાતા, પીતા, હાલતા, ચાલતા (એ જ ચાલે). આ અનુભવસિદ્ધ છે કે નહિ ? એ જ વિચાર આવ્યા કરે. જેને જે ધ્યેય છે અને જે ધ્યેયે પહોંચવાની લગન છે. એને પરિણામમાં બીજું શું ચાલે ? જે પ્રાપ્ત કરવાની રુચિ હોય એનું જ ચિંતવન, એનું જ મંથન, એનું જ મનન, એના જ વિચાર, એનું જ ઘોલન એ જ ચાલ્યા કરે. બીજું ચાલે કેવી રીતે ? એમ જેને પોતાના નિજ કાર્યનો ઉત્સાહ છે, ઉમંગ છે, રસ છે એને બીજું કાંઈ પરિણામમાં ચાલતું નથી, સતત એ જ ચાલ્યા કરે.

ત્યારે 'ગુરુદેવશ્રી' એ વખતના પ્રવચન એક આટલી વાત કરતા કે એવા જિજ્ઞાસુ જીવને, મુમુક્ષુ જીવને મોક્ષના ભણકાર અંદરથી આવે છે. આવા શબ્દ વાપરતા. કાઠિયાવાડી ઘરગથ્થુ ભાષા. એવા જીવને અંદરથી મોક્ષના ભણકારા આવે છે. સામેથી ભણકારા (આવે છે). ભણકાર આવે છે એનો અર્થ કે સામેથી આવે છે. એ વિચારો એને કરવા પડતા નથી કે હું મોક્ષ પામીશ, આમ-તેમ. એમ કહે છે ને કે ભાઈ ! કાંઈક અવાજ આવ્યો. જુઓ ! જોઈએ શું અવાજ છે ? આપણો દરવાજો ખખડ્યો. જાય તો દરવાજો એમને એમ બંધ હોય. તો એમ કહે કે, દરવાજો તો બંધ છે. તો કહે, ભણકારો આવ્યો. શું આવ્યું ? સામેથી ભણકાર આવ્યો. એમ સામેથી મોક્ષનો ભણકાર આવે છે. એવું મુમુક્ષુનું લક્ષણ લીધું છે. એનો અર્થ એ થાય છે કે તને સાચી મુમુક્ષુતા જાગૃત થઈ હોય તો અંદરથી આવો કોઈ ભણકાર આવે છે ? કે તને શંકા થાય છે ? મોક્ષ થશે કે નહિ એવી તને શંકા થાય છે ? કે તને મોક્ષ થઈ જ જશે એવો ભણકાર આવે છે ? બેમાંથી તને શું થાય છે ? એના ઉપરથી તારી વર્તમાન યોગ્યતાનું લક્ષણ અને જ્ઞાન નક્કી થાય છે.

એ અહીંયાં વાત લીધી છે કે એને પહેલા એવો

નિર્ણય હોય, શરૂઆતથી જ એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. જરૂર અલ્પ કાળમાં હવે હું આ સંસારથી છૂટી જઈશ એવું એને અંદરથી નિશ્ચિતપણે... નિર્ણય શબ્દ લીધો છે ને ? નિશ્ચિતપણે એમ ભાસે છે. ત્યાં એને શંકા ન હોય. શંકાનું એને કોઈ સ્થાન નથી, ગુંજાઈશ નથી કે મારું આયુષ્ય બંધાઈ ગયું હશે તો ? જો કે આયુષ્ય તો એક ભવનું બંધાય છે, કોઈ અનંત ભવના કે બે ભવના પણ આયુષ્ય બંધાતા નથી. એવી **'શંકાને સ્થાન ન હોય,...'**

અત્યારે તો આ કાળે, આ ક્ષેત્રે જન્મેલાને અહીંથી સીધો જ મોક્ષ આ ભવે નથી થતો. એટલે અહીં જન્મેલાને મુનિદશા સુધીની સ્થિતિ અહીંયાં પુરુષાર્થની વધે છે. એવી જ યોગ્યતા લઈને અહીંયાં આવે છે. શક્તિ અંદર અનંત છે. શક્તિ નથી એમ નથી. પણ આ તો બીજી વાત કરવી છે કે કોઈ જીવ ચરમશરીરી હોય, જેનો એ છેલ્લો ભવ હોય, છેલ્લું શરીર હોય અને તે જ ભવમાં તેનો નિર્વાણ હોય, સિદ્ધાલયમાં મોક્ષ ગમન કરવાની એની આખરી પરિસ્થિતિ હોય તે ભવની, આયુષ્ય છૂટે ત્યારે, કેવળજ્ઞાન ગમે તેટલું વહેલું થાય. પણ આયુષ્ય છૂટે, છેલ્લા ચાર અઘાતિ છૂટે ત્યારે એને સિદ્ધાલયમાં જવાનું થાય છે. તો એને મોક્ષ ભલે પછી થાય પણ તે ભવમાં એને મોક્ષની નિઃશંકતા અસાધારણ હોય છે. એમાં હું મોક્ષમાં જઈશ કે નહિ જઉં ? આ ભવ કે પછી બીજો ભવ હશે ? એ વિકલ્પ એને થતો નથી.

'ઋષભદેવ' ભગવાનના પુત્રો છે ને ? 'ભરત' ચક્રવર્તી અને 'બાહુબલી' બંને ચરમશરીરી હતા. એ બંને વચ્ચે તકરાર થઈ, યુદ્ધ થયું. કષાય કેટલો તીવ્ર થયો હશે ? જોકે બંને ક્ષાયિક સમ્યગ્દષ્ટિ તો છે જ.

મુમુક્ષુ :– એ ભવે મોક્ષે જવાના છે.

પૂજ્ય ભાઈશ્રી :– પાછું એમ નથી કે તે ભવમાં નવું સમ્યક્ત્વ ઉત્પન્ન થવાનું છે અને પછી મોક્ષે જવાના છે એમ નથી. મોક્ષમાર્ગમાં તો રહેલા જ છે. અને એટલી મોટી લડાઈ થાય છે કે એકબીજા, એકબીજાનું આયુષ્ય પૂરું કરવા સુધીના પરિણામમાં આવી જાય છે. મારી નાખું. આ ચક્ર છૂટે એટલે એનો શિરચ્છેદ થાય, બીજું કાંઈ નહિ. અને 'બાહુબલી'નું બાહુબળ એટલું હતું કે કોઈને પણ એક મુક્કી મારે અને એ જીવતો રહે એવું કોઈ દિવસ ન બને. એની મુક્કી પડે, બાહુબળ એટલું હતું, એની મુક્કી પડે અને જીવતો રહે એ પ્રશ્ન ન રહે. સીધો એ આખે આખો જમીનમાં જ ઊતરી જાય. ખીલો જેમ જમીનમાં ઊતરી જાય એમ જમીનમાં જ ઊતરી જાય. એટલું બળ હતું. પછી સામે ગમે તે હોય. પણ ભાવ થયો છે, ક્રિયા નથી થઈ. ભાવ તો થઈ ગયો હતો.

'ભરતજી'એ ચક્ર છોડ્યું. એક જ ગોત્રના હતા એટલે એના નિયમ પ્રમાણે ચક્ર શિરચ્છેદ કર્યા વિના પાછું આવે છે. પણ ભાવ તો થયો કે નહિ ? ભાવ થયો. આવો કષાય થયો તો પણ હું મોક્ષે જઈશ કે નહિ ? એ શંકા એને ન પડે. એ કાંઈ મુમુક્ષુ નથી. એ તો તીવ્ર મુમુક્ષુ છે ત્યાં. સામાન્ય મુમુક્ષુ નથી પણ તીવ્ર મુમુક્ષુ છે. પ્રતિક્ષણે અનન્ય ભાવે મોક્ષ પ્રત્યે એના પરિણામની ગતિ થઈ રહી છે. પ્રતિસમય એના પરિણામમાં સંવર થઈ રહ્યો છે. ધર્મીજીવ છે ને ? પ્રતિસમયે એના પરિણામમાં નિર્જરા થઈ રહી છે અને પ્રતિસમયે એના પરિણામમાં ક્રમશઃ આંશિક મોક્ષ વધતો જાય છે. મોક્ષ થઈ રહ્યો છે. થઈ રહ્યો છે એટલે શંકા પડવાનો ક્યાં પ્રશ્ન છે. એક માણસ જે દિશામાં ચાલે જ છે અને પર્યાપ્ત ગતિથી ચાલે છે પછી એને શંકા ક્યાં રહી કે પહોંચીશ કે નહિ પહોંચું? એને એ શંકા પડતી નથી. ચરમશરીરી જીવને તો શંકા પણ પડતી નથી.

મુમુક્ષુ :– બહારથી દેખાય કે લડાઈના ક્ષેત્રમાં ઊભા છે.

પૂજ્ય ભાઈશ્રી :– લડાઈના ક્ષેત્રમાં દેખાય. અશુભ ભાવરૂપ પાપ પરિણામની મન-વચન-કાયાની ચેષ્ટા દેખાય. પરિણામ અરૂપી છે પણ મન-વચન-કાયાના જે ચિહ્નો છે એમાંથી પરિણામ આ જાતના સ્પષ્ટ છે. અશુભ ઉપયોગ છે, ક્રોધનો અશુભ ઉપયોગ છે, દ્વેષભાવનો અશુભ ઉપયોગ છે એ સ્પષ્ટ જોઈ શકાય એવા પરિણામ હોય, તો પણ તે કાળે અંદર ધર્મની દશાનું પણ એક અંશ એમને વર્તે છે.

**'મોળી–પાતળી વાત આત્માને માટે ન કરવી.'** આ આદેશ છે. 'ગુરુદેવશ્રી'નો આ આદેશ છે. મોળી વાતો કરવી, વાતો કરવી એટલે પરિણામ. પરિણામ બહાર વાત રૂપે આવે છે, પણ એવા એને શિથિલ પરિણામ હોવા જોઈએ નહિ. તો જ એને આત્મકાર્ય થાય. શિથિલ પરિણામવાળાને આત્મકાર્ય થતું નથી અને કુદરતી એ સ્થિતિ છે કે જે પ્રયત્નથી અનંત કાળના અનંત સુખનો લાભ થવાનો છે અને અનંત કાળનું અનંત દુઃખ મટવાનું છે, જે પ્રયત્નથી એવા નુકસાનથી બચવાનું છે, એવા પ્રયત્નમાં એને અનુસાર તથા પ્રકારનું જોર આવ્યા વિના રહે નહિ. લાખનો નફો હોય અને દસ પૈસાનો શું વિચાર કરવો ? દસ પૈસા મળે છે નથી મળતા. ઉપેક્ષા કરે છે. અને મોટો નફો હોય તો તીવ્ર રસ ઉત્પન્ન થઈ આવે છે. આમાં મોટો નફો છે. એવું વાસ્તવિકપણે દેખાય એને તો એ દેખાવાની વાસ્તવિકતા એ છે કે એને તદરૂપ જોર, તદ્અનુરૂપ જોર આવ્યા વિના રહે નહિ. અને જોર આવતું નથી તો એને દેખાતું પણ નથી. આમ છે.

રોજ અમે વિચાર કરીએ છીએ અને સંમત તો કરીએ છીએ કે આ બરાબર છે, બરાબર છે. કહે છે કે એ બીજું જે કાંઈ દેખાય છે, જ્યાં સુખ નથી ત્યાં સુખ દેખાય છે, દુઃખમાં સુખ દેખાય છે એટલો પણ હજી ફેરફાર થયો નથી. એટલે સાચું સુખ છે એ પણ પ્રતિભાસતું નથી.

**'મોળી-પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી બંધાયેલો પોતે છે...'** અનંત ગુણોથી, હોં ! અનંત કર્મથી બંધાયેલો છે એમ ન જો, એમ કહે છે. **'અનંત ગુણોથી બંધાયેલો પોતે છે તેને જો, તું જ દેવાધિદેવ છો તેમ લેવું જોઈએ.'** લોકો એમ કહે છે કે અનંત કર્મથી આત્મા બંધાણો છે, અનંત કર્મથી આત્મા બંધાયેલો છે. કહે છે કે એમ જો નહિ. તું અનંત ગુણથી બંધાયેલો છો. એટલે તારું બંધારણ છે. તારા સ્વરૂપનું જે બંધારણ છે એ અનંત ગુણમય છે. એને તું તારા સ્વરૂપે જો. તું કર્મથી બંધાયેલો છો એમ જોતાં તું તને નથી જોતો પણ તું કર્મને જુએ છો. એમાં તું તને જોતો નથી પણ કર્મને જોવે છો. તારું દર્શન કરવા માટે તારે તને જોવો જોઈએ. તારું દર્શન કરવા માટે કર્મમાં જોતાં તને તારું દર્શન થાય, એમ કેમ બને ? એ જ્ઞાન થવાની ચીજ છે. એ જ્ઞાન થઈને એકબાજુ ગૌણ થઈને રહેવું જોઈએ.

કર્મ આદિ સંયોગ છે, દેહાદિનો સંયોગ છે, રાગાદિનો પણ પરિણામમાં સંયોગ છે. સંયોગ એટલા માટે છે કે એનો વિયોગ થાય છે. સંયોગ વિયોગ સહિત હોય છે. તો સંયોગનું જ્ઞાન થઈને, ગૌણ થઈને એકબાજુ રહેવું જોઈએ. પણ હું એ સંયોગવાળો છું... સંયોગવાળો છું... સંયોગવાળો છું એમ મુખ્ય કરે, તો કોઈ રીતે એને અસંયોગી તત્ત્વના દર્શન થાય નહિ. જેને અસંયોગી તત્ત્વની દૃષ્ટિ કરવી છે એને અસંયોગી તત્ત્વ પરમાર્થે જે અસંગ તત્ત્વ છે એને અવલોકવાનો, એને જોવાનો એને અંતર્મુખનો પ્રયત્ન કરવો જોઈએ.

એટલે એમ કહે છે કે તું **'અનંતગુણોથી બંધાએલો પોતે છે તેને જો, તું જ દેવાધિદેવ છો તેમ લેવું જોઈએ.'** તેમ લેવું જોઈએ એટલે તેમ મુખ્ય કરવું જોઈએ, એવી મુખ્યતા કરવી જોઈએ. પણ વિકાર અને વિકારના નિમિત્ત એવા કર્મ અને નોકર્મ છે એની મુખ્યતા નહિ કરવી જોઈએ. મુમુક્ષુના પરિણામ કેવા હોવા જોઈએ ? જિજ્ઞાસુના પરિણામ કેવા હોવા જોઈએ. એનો નિર્દેશ છે આમાં.

મુમુક્ષુ :– કેમ જોવો ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાન લક્ષણથી નિર્ણય કરીને, ઓળખીને જોવો. ઓળખાણ વિના તો બધું સરખું દેખાશે. કાંઈ જુદું પડીને દેખાશે નહિ. અંદરથી તત્ત્વ જુદું છે. અસંગ તત્ત્વ છે, નિર્લેપ તત્ત્વ છે, નિરાલંબ અને નિરપેક્ષ તત્ત્વ છે. એ જેવું છે એવું પોતાનું સ્વરૂપ પોતાના જ્ઞાનમાં આવવું જોઈએ. જ્ઞાનમાં આવવું જોઈએ–ભાસવું જોઈએ, જણાવું જોઈએ, એવો છું એમ લાગવું જોઈએ તો એને એનું બળ આવે. નહિતર પોતાનું બળ આવે નહિ. માણસને બળ ક્યારે આવે છે ? કે પોતે પોતાના ભાનમાં હોય છે ત્યારે કે મારામાં શરીરશક્તિ છે, મારામાં પૈસાની શક્તિ છે, મારામાં

કુટુંબ-પરિવારની શક્તિ છે, મિત્રોની શક્તિ છે, સમાજ શક્તિ છે, દેશ શક્તિ છે. એમ બળ આવે છે કે નહિ બહારમાં ? એના અસ્તિત્વના ભાનમાં આવે છે કે નહિ ? એ બધું છે મારે એમ એની હયાતીના ભાનમાં આવે છે કે નહિ ?

એમ અહીંયાં અનંત ચતુષ્ટયથી મંડિત કેવળજ્ઞાનાદિ સ્વભાવ તારા સ્વરૂપમાં છે. એવી શક્તિની હયાતી, એ હયાતીના સ્વીકારમાં અને હયાતીના ભાનમાં આત્મબળ ઉત્પન્ન થાય છે. એ સિવાય આત્મબળ ઉત્પન્ન થવાનો બીજો કોઈ ઉપાય છે નહિ. બીજી કોઈ ક્રિયા, બીજા કોઈ પ્રકારે આત્મબળ ઉત્પન્ન થતું નથી. બીજું બધું જે બળ ઉત્પન્ન થાય છે એ રાગબળ છે. એમાં ક્યાંય આત્મબળ છે નહિ. જ્ઞાનબળ નથી, આત્મબળ નથી, દર્શનબળ નથી, શ્રદ્ધાબળ નથી. અને જ્યાં શ્રદ્ધા-જ્ઞાનનું બળ ન હોય ત્યાં ચારિત્રબળ છે એ વાત રહેતી નથી. નહિતર વળી કોઈ સ્થૂળપણે એવું વિચારી લે છે કે, ભલે અમને શ્રદ્ધા-જ્ઞાનના વિષયની ખબર ન હોય પણ ચારિત્રની અમારી દઢતા ઘણી છે. જુઓ ! અમે આટલો સંયમ પાળીએ છીએ, આટલો ત્યાગ કરીએ છીએ. કહે છે કે ભાઈ ! બાપુ ! એ ચારિત્રનું સ્વરૂપ નથી. એ રાગની દઢતા છે, તે પ્રકારના શુભરાગની દઢતા છે. એ માનસિક પરિસ્થિતિ છે, આત્મિક પરિસ્થિતિ નથી. મનના સંગમાં ઉત્પન્ન થયેલો એક હઠનો પરિણામ છે, એ આત્મિક નથી. આત્માના ઘરની એ ચીજ નથી.

મુમુક્ષુ :- જ્ઞાનબળ ઉત્પન્ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનબળમાં આત્મબળ છે, આત્મબળમાં જ્ઞાનબળ છે અને તે પોતાના સ્વરૂપના જ્ઞાનના આધારે થાય છે, બીજી કોઈ રીતે થતું નથી.

મુમુક્ષુ :- જ્ઞાનબળ ઉત્પન્ન થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનબળ ઉત્પન્ન થાય એટલે એ જ્ઞાનનો ઉપયોગ છે એ સ્વરૂપમાં સ્થિર રહેવાને શક્તિમાન થાય. ત્યારે એ સ્વરૂપ સ્થિરતાને સમ્યક્ચારિત્ર એવું નામ આપવામાં આવ્યું છે. અને એવી સ્વરૂપ સ્થિરતા થાય ત્યારે વિભાવની ઉત્પત્તિ બંધ થાય અને અને વિભાવના નિમિત્તની સાથેની કોઈ પ્રવૃત્તિ ન રહે, ત્યારે એને પરમાર્થ સંયમ અને વ્યવહાર સંયમ બંને એકસાથે હોય છે. પરમાર્થ સંયમ છે ત્યાં એને વ્યવહાર સંયમ આપોઆપ છે. જેમ સ્વદયામાં પરદયાનો સમાવેશ છે. એમ પરમાર્થ સંયમમાં વ્યવહાર સંયમનો સમાવેશ છે.

સંપ્રદાયમાં એ તર્ક ચાલે છે કે ચારિત્ર પાળ્યા વિના મોક્ષ થતો નથી. પ્રશ્નકારના પ્રશ્નમાં શું હોય છે કે એને દીક્ષા અંગીકાર કરીને પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ એ વગેરે પ્રકારે બાહ્ય સંયમ પાળવો પડે, તપશ્ચર્યા કરવી પડે, ઉપસર્ગ, પરિષહ સહન કરવા પડે તો એને કર્મ ખરીને મોક્ષ થાય. ઘણા જીવોનો ઇતિહાસ જોઈને એવું ઉપર ઉપરથી નક્કી કરે છે. પણ એવો જો નિયમ હોય, તો 'ભરત' ચક્રવર્તીને દીક્ષા લેતા તરત જ મોક્ષની પર્યાય ઉત્પન્ન થાત નહિ. એ વ્યવહાર ચારિત્રમાં જ ન આવ્યા. પરમાર્થ ચારિત્રમાં એવા આવ્યા... એવા આવ્યા કે પૂર્ણ યથાખ્યાત ચારિત્ર થઈ ગયું. પહેલા વિકલ્પ આવ્યો કે આ ચક્રવર્તીપણું અને આ બધી લપ છે એ મારે કાંઈ જોઈએ નહિ. હતા તે દિ' એનાથી ભિન્ન હતા. એ તો 'ભરતેષ વૈભવ' જે વાંચે એને ખ્યાલ આવે એવું છે. જે દિ' એ છ ખંડનો ચક્રવર્તીનો વહિવટ કરતા હતા, તે દિ' પણ કેટલા અલિપ્ત રહીને કરતા હતા એ વિષય બહુ સારો એની અંદર લીધો છે. પણ ગૃહસ્થાવાસમાં એટલા અલિપ્ત રહ્યા અને અંતરસ્થિતિ એટલી મજબૂત કરી. સાધકદશા ગૃહસ્થમાં રહ્યા રહ્યા એટલી મજબૂત કરી, કે જ્યારે એમણે મુનિદીક્ષા અંગીકાર કરી ત્યારે વ્યવહાર ચારિત્રમાં આવ્યા વિના જ મોક્ષની પર્યાયમાં પધાર્યા.

જે (ભગવતી) દીક્ષા અંગીકાર કરી અને ધ્યાનમાં બેઠા. દીક્ષા પછી પહેલી પક્રિયા દીક્ષામાં એ આપવામાં આવે છે. પચખાણ એ લેવડાવે છે કે હું નિરંતર મારા શુદ્ધોપયોગમાં રહીશ. હું બહારના વ્યવહાર ચારિત્રના આચાર-વિચારમાં રહીશ એ પ્રતિજ્ઞા નથી. મૂળ પ્રતિજ્ઞા છે. એ તો અપવાદ છે, સિદ્ધાંત આ છે, સૈદ્ધાંતિક પ્રતિજ્ઞા આ છે. પછી એમાં અપવાદ થાય તો આ પ્રકારે બહારમાં ચારિત્રની મર્યાદા છે. પ્રવૃત્તિની મર્યાદા છે.

એ સીધા ધ્યાનમાં બેઠા. સાતમા ગુણસ્થાને આવે છે. મુનિ, ભાવલિંગી સંત દીક્ષા અંગીકાર કરે ત્યારે પ્રથમ જ ધ્યાનના કાળમાં સાતમા ગુણસ્થાનમાં આરૂઢ થાય છે. જ્યારે એ દીક્ષા લે છે. દીક્ષાની વિધિ વખતે જે શુભોપયોગમાં હોય છે ત્યારે એમની અંદરની શુદ્ધતાની સ્થિતિ ચોથા ગુણસ્થાનની અથવા પાંચમા ગુણસ્થાનની હોય છે. ત્યારે છઠ્ઠા સાતમાની મુનિદશાની કોઈની સ્થિતિ હોતી નથી.

પ્રથમ ધ્યાનમાં બેસે ત્યારે એટલા જોરથી ઉપયોગ સ્વરૂપમાં સ્થિર થાય છે (કે) સીધું સાતમું ગુણસ્થાન આવે. પછી એ ગુણસ્થાનમાંથી છઠ્ઠા ગુણસ્થાનમાં આવે ત્યારે અહિંસા, સત્ય, પંચ મહાવ્રત એ આદિ પરિણામ થાય. શુભના વિકલ્પ થાય છે. પણ 'ભરત' ચક્રવર્તી એ તો સાતમાંથી પછી સીધા છઠ્ઠામાં આવવાને બદલે આઠ, નવ, દસ શ્રેણી માંડી છે. બારમાં અને તેરમાં ગુણસ્થાને પ્રવેશ કરીને અરિહંત દશામાં આવ્યા છે. એ મુનિદશામાં રહ્યા જ નહિ.

હમણાં કયું પુરાણ વાંચ્યું ? 'હરિવંશ પુરાણ'ની અંદર ચોવીસે તીર્થંકરોની અને એવા પુરાણ પુરુષોની મુનિદશાનો કાળ લીધો છે. આમ તો આખો આયુષ્યનો કાળ લીધો છે કે ભગવાન 'ઋષભદેવ સ્વામિ'ને એક કરોડનું કે ચૌરાશી લાખ પૂર્વનું આયુષ્ય હતું. એક કરોડ પૂર્વનું આયુષ્ય હતું. એમાં આટલા વર્ષ એ ગૃહસ્થ અવસ્થામાં રહ્યા, આટલા વર્ષ તે મુનિદશામાં રહ્યા અને આટલા વર્ષે તે અરિહંત દશામાં રહ્યા, પછી સિદ્ધાલયમાં ગયા.

એવી જ રીતે 'રામચંદ્રજી'નું પણ 'પદ્મ પુરાણ'માં એમ આવે છે. સત્તર હજાર વર્ષ એ ગૃહસ્થ અવસ્થામાં રહ્યા. મુનિદશામાં બહુ થોડા વર્ષ રહ્યા છે. પણ મુનિદશાનો કાળ આયુષ્યના પ્રમાણમાં બધાનો બહુ ઓછો છે. મુનિદશાનો કાળ બહુ ઓછો છે પ્રમાણમાં. હજારો-લાખો વર્ષના આયુષ્ય છે તે દિ' પણ મુનિદશાના કાળ બહુ ઓછા છે, ઘણો ઓછો કાળ છે. એનો અર્થ એમ લાગે છે કે ચરમશરીરી જીવોનો પુરુષાર્થ મુનિદશામાં આવ્યા પછી એટલો બધો કામ કરે છે. એ બધા ચરમશરીરી જીવો છે ને ? એટલો બધો જોરથી કામ કરે છે કે બહુ અલ્પ કાળમાં કેવળજ્ઞાન લઈ લ્યે. એનો Average ratio બધાના આયુષ્યનો જોઈએ તો મુનિદશાનો ચારિત્રનો કાળ બધાનો બહુ ઓછો છે. એ બધા પુરાણ પુરુષોનું એકસાથે વર્ણન આવે છે. એટલે કોઈ ભગવાનના મોઢેથી વાણી નીકળે છે એમાં બધાનો ઇતિહાસ આવે છે. એમાં આ બધા કાળના પરિમાણ લીધા. બહુ ઓછો. કેટલાકને તો અમુક મહિનાઓ જ છે. કોઈ મહિના, બે મહિના અને ત્રણ મહિનામાં કેટલાકે કેવળજ્ઞાન લીધું છે અને કોઈએ વર્ષ, બે-ત્રણ વર્ષમાં લીધું છે. એથી લાંબો તો ભાગ્યે જ કોઈને કાળ લાગ્યો છે.

મુમુક્ષુ :– અત્યારે વિપરીત દશા છે.

પૂજ્ય ભાઈશ્રી :– અત્યારે તો મુનિદશા જોવામાં આવતી નથી. ભાવલિંગ મુનિદશા જોવામાં આવતી નથી. સમ્યગ્દષ્ટિ ગોત્યા જડતા નથી. મુનિદશા ક્યાંથી આવે ? એ પરિસ્થિતિ છે.

'શ્રીમદ્જી' લખે છે કે, 'આ કાળે તને સમ્યગ્દષ્ટિનો સમાગમ થાય તો તું ન્યાલ થઈ ગયો એમ સમજી લેજે.' એમ લખ્યું છે. પાંચમાં કાળમાં દુર્લભ છે. ચોથા કાળમાં દુર્લભ છે તો પાંચમામાં તો દુર્લભ દુર્લભ છે, એમ લીધું છે. એ ૧૪૮ (બોલ પૂરો) થયો.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જૂન–૨૦૧૨નું) શુલ્ક શ્રી ઈલાબેન દિનેશભાઈ છેડા, સારીકાબેન નિહાર, એક મુમુક્ષુ, મુંબઈના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૨૨ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૧-૦૮-૧૯૯૧

કાલે એક પ્રશ્ન તમે ઉઠાવ્યો હતો.

પ્રશ્ન :- અખંડ જ્ઞાન એટલે ?

સમાધાન :- હા, છેલ્લો પૅરાગ્રાફ અને પહેલો પૅરાગ્રાફ એ બે વચ્ચેનો સમન્વય કરવાનો છે. પહેલા પૅરાગ્રાફમાં એમ કહ્યું છે કે, જે પ્રકારે આત્મા પ્રથમ શ્રદ્ધાના સમયે પુરુષાર્થ કરે છે ત્યારે શ્રદ્ધામાં તો પુરુષાર્થનો પ્રયોગ વારંવાર એવી ને એવી વૃદ્ધિ કરવાનો છે. પહેલાના પુરુષાર્થમાં અને બાદના પુરુષાર્થમાં કોઈ પ્રકારનો ફરક નથી એટલે જાતિ ફરક નથી. એટલા માટે 'ગુરુદેવશ્રી'એ યથાર્થ સમજણ ઉપર વારંવાર જોર દીધું છે કેમકે યથાર્થ સમજણમાં ભવિષ્યનો પુરુષાર્થ ગર્ભિત છે. અહીંયાં એમ લીધું કે પુરુષાર્થ ઉત્પન્ન થવાનું કારણ સમજણ છે, યથાર્થ સમજણ છે એટલે કે જ્ઞાન છે.

એ પૅરાગ્રાફમાં પ્રશ્ન એ ચાલ્યો છે કે, આત્મા પોતાની તરફનો એટલે સ્વાભિમુખ પુરુષાર્થની વૃદ્ધિ કરવાનો પ્રયોગ કેવા પ્રકારે કરે છે ? એ પ્રશ્નના ઉત્તરમાં એમણે એમ (સમાધાન) આપ્યું કે જે પ્રકારે એ શરૂઆત કરે છે એ પ્રકારે જ એ વૃદ્ધિ કરે છે. જે પ્રકારે પ્રથમ શ્રદ્ધા વખતે પુરુષાર્થ શરૂ કરે છે તે જ પ્રકારે એ આગળમાં પણ પુરુષાર્થની વૃદ્ધિ કરે છે. પુરુષાર્થની પર્યાયને લાગેવળગે છે ત્યાં સુધી પુરુષાર્થના પ્રકારમાં કોઈ પ્રકારાંતર નથી, બીજો પ્રકાર નથી. પણ એમ કહેવું છે કે પુરુષાર્થના પહેલા અને પછીના પ્રકારમાં ફેર નહીં હોવા છતાં મુમુક્ષુજીવ માટે શ્રદ્ધા પ્રગટાવવા માટે યથાર્થ સમજણ ઉપર 'ગુરુદેવશ્રી' વારંવાર જોર આપે છે.

'ગુરુદેવશ્રી' વારંવાર યથાર્થ સમજણ ઉપર જોર આપે છે એનું કારણ એ છે કે એ યથાર્થ સમજણમાં ભવિષ્યનો પુરુષાર્થ ગર્ભિતપણે રહેલો છે. કહેવાનો મતલબ એ છે કે જે જીવને મુમુક્ષુની ભૂમિકામાં યથાર્થ સમજણ થાય એને એ સમજણના કારણે પુરુષાર્થ ઉત્પન્ન થઈ જશે અને એને શ્રદ્ધા પણ યથાર્થ થશે અને શ્રદ્ધા યથાર્થ થયેલી ક્યારે ગણાશે ? કે જ્યારે એ પુરુષાર્થથી



સ્વરૂપલીનતા પ્રગટ થશે ત્યારે. આમ શ્રદ્ધા અને સ્વરૂપલીનતાનો એક કાળ છે, બીજો કાળ નથી. બે એક જ કાળે ઉત્પન્ન થાય છે તોપણ જ્ઞાનના કારણે પુરુષાર્થ ઉત્પન્ન થાય છે અને પુરુષાર્થના કારણે શ્રદ્ધા અને લીનતા ઉત્પન્ન થાય છે. એટલે જ્ઞાન, શ્રદ્ધા અને લીનતા એ થઈને જે મોક્ષમાર્ગના રત્નત્રય જ્ઞાન-દર્શન-ચારિત્ર છે (એ) ત્રણેય રત્ન થઈ ગયા અને પુરુષાર્થને લઈને એ પ્રગટ થયા એમ કહેવું છે. પુરુષાર્થને કારણ લઈએ તો નિશ્ચયરત્નત્રય તે તેનું કાર્ય છે પણ એ પુરુષાર્થનું કારણ વિચારવામાં આવે તો મુમુક્ષુની ભૂમિકામાં યથાર્થ સમજણ છે, આમ કહેવું છે.

મુમુક્ષુ :- યથાર્થ સમજણ થાય તો આ ક્રિયા ભજે જ.

પૂજ્ય ભાઈશ્રી :- આ ક્રિયા ભજે.

મુમુક્ષુ :- બે તબક્કાની જુદી જુદી વાત થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- બીજા તબક્કામાં એમ લીધું કે અખંડ જ્ઞાનઘન પુરુષાકાર, દેહાકાર, શરીર, કર્મ, ભાવકર્મથી અને શુદ્ધપર્યાયથી પણ ઊંડું ચૈતન્યતત્ત્વ હું છું. એ દૃષ્ટિપ્રધાનતાથી વાત કરી. કેમકે શુદ્ધ પર્યાયથી પણ ઊંડું તત્ત્વ લઈ લીધું અને શુદ્ધ પર્યાય જેને પ્રગટ થઈ છે એને પણ, જેને પ્રગટ જ નથી થઈ એને તો ઇથી ઊંડું તત્ત્વ વિચારવાનો પ્રશ્ન રહેતો નથી કેમ કે એની પાસે તો રાગની પર્યાય છે, શુદ્ધતાની પર્યાય નથી, અશુદ્ધતાની પર્યાય છે; પણ જે જીવ સ્વરૂપલીનતા કરે છે એ સ્વરૂપલીનતા અથવા સ્વરૂપધ્યાન જેને કહેવામાં આવે છે એ સ્વરૂપધ્યાનમાં ક્ષેત્રને પણ એક અવલંબન માટેની ભૂમિકા – આધારભૂમિ જેને કહેવામાં આવે છે એવો અવલંબન લેવા માટે ભાવની અંદર એક પ્રકાર ઊપજે છે એનો અહીંયાં સંકેત કર્યો છે કે દેહાકાર, અખંડ જ્ઞાનઘન, પુરુષાકાર એટલે દેહાકાર, એટલે આખું

ક્ષેત્ર લઈ લીધું, દેહાકારે વ્યંજનપર્યાય લીધી. શાસ્ત્ર – આગમ ભાષામાં કહીએ તો વ્યંજનપર્યાય લીધી. વ્યંજનપર્યાય લેવાનું અહીંયાં શું કારણ છે ? કારણ કે એમણે પત્રની અંદર જે વિષય પ્રતિપાદન કર્યો છે એનું મુખ્ય કારણ તો એમનો સ્વાનુભવ છે. પોતે જે રીતે ધ્યાન ધરે છે અને ધ્યાન કરવામાં એમને જે પ્રકાર પોતાના ભાવમાં આવે છે એ અનુસાર એ પોતે કહે છે કે લખે છે. આ એમની પદ્ધતિ છે. એ તો રૂબરૂમાં સ્પષ્ટતા થઈ ગઈ હતી.

કોઈ આગમના પ્રશ્નો આવતા ત્યારે એ પોતાના પરિણમન અનુસાર ઉત્તર આપે ત્યારે પ્રશ્નકાર એવી રીતે એ વખતે એમ કહે કે તમે આવો જવાબ આપ્યો પણ આ પ્રશ્ન અમે ફલાણા શાસ્ત્રમાં ચર્ચા ચાલી છે કે વાત ચાલી છે એમાંથી કર્યો છે અને ત્યાં આચાર્ય મહારાજે આવો જવાબ દીધો છે, જે તમારા જવાબ સાથે મેળ ખાતો નથી. રૂબરૂમાં આવી ચર્ચાઓ ચાલેલી ત્યારે એ એમ કહેતા કે તમે ક્યા શાસ્ત્રમાંથી ત્યાં શું અપેક્ષા અને વિવિક્ષા ચાલી છે એ સ્પષ્ટ કર્યા વગર પ્રશ્ન કર્યો છે. અદ્ધરથી પ્રશ્ન કરે ઉત્તર દેનારને અજાણ્યા રાખે કે શું ઉત્તર આપે છે. એને તો પરીક્ષા દૃષ્ટિકોણ હોય. કેમ કે આ કોઈ જ્ઞાની તરીકે પ્રસિદ્ધ વ્યક્તિ નહોતા.

'ગુરુદેવ' પાસે એવો પ્રશ્ન મૂકવો હોય તો વિનય રાખવો પડે કે સાહેબ ! આ શાસ્ત્રમાં આવી વાત આવી છે ને ત્યાંથી મને આવો પ્રશ્ન ઊપજે છે તો મારે શું સમજવું ? મને સમજાતું નથી. અથવા ત્યાં મને આમ સમજાય છે એ બરાબર છે કે કેમ ? એટલે 'ગુરુદેવ' ત્યાંથી એમ કહે. 'ગુરુદેવે' તો બધા શાસ્ત્રો અધ્યયન કરેલા છે એટલે એમ કહે કે ત્યાં આમ વાત ચાલી છે અને આચાર્ય મહારાજે આમ પ્રતિપાદન કર્યું છે તે આ દૃષ્ટિએ યથાર્થ છે. આ નયથી, આ ન્યાયથી તે યથાર્થ છે.

પણ એમની પાસે તો સીધા પ્રશ્ન એવા જ થતા હતા કે, પૂછનાર છે એ આગમનું નામ ન લ્યે, પ્રકરણનું નામ ન લ્યે, આચાર્યનું નામ ન લ્યે, સીધો જ પ્રશ્ન કરે. ત્યારે એમને પછી ખ્યાલ આવી જાય. જ્યારે સામો માણસ બીજા ઉત્તરનું સ્પષ્ટીકરણ કરે ત્યારે આચાર્ય મહારાજની વિરુદ્ધ કહેવાનું કે અન્યથા કહેવાનું તો પોતાને પણ અહંપણું નથી. એમ ન કહે કે મારું બરાબર છે ભલે ત્યાં એમ કીધું હોય એમ નથી કહેતા. એટલે કે એ વાત જે ચાલી છે તે યથાર્થ છે પણ તમે ક્યાંથી પ્રશ્ન કર્યો છે એ તો મને કાંઈ ખબર નથી. એટલે જે પ્રશ્ન આવે છે એ પ્રશ્નનો ભાવ હું સમજું છું એનો ઉત્તર હું મારી પરિણતિ ઉપરથી આપું છું. મારે અંદરમાં જે પરિણતિ ચાલે છે એને અનુસરીને હું ઉત્તર આપું છું. એટલે મને માફ કરી દેજો. કદાચ તમને શાસ્ત્રથી બીજો ઉત્તર લાગે તો તમે મને ક્ષમા કરી દેજો. બહુ નમ્રતાથી આ રીતે જવાબ આપેલો છે.

એમ અહીંયાં પણ એક પ્રશ્ન ઊઠ્યો છે ત્યારે એમને એક મુમુક્ષુની ભૂમિકાનો ઉત્તર આપ્યા પછી અને એમાં 'ગુરુદેવ'નો સંદર્ભ આપ્યા પછી હવે પોતે જ્ઞાનદશામાં કેવી રીતે પુરુષાર્થ કરે છે ? કેમકે પ્રશ્ન તો પુરુષાર્થની વૃદ્ધિનો છે. પુરુષાર્થના પ્રારંભનો નથી પણ પુરુષાર્થની વૃદ્ધિનો પ્રશ્ન છે કે, પુરુષાર્થની વૃદ્ધિનો પ્રયોગ કેવી રીતે થાય છે ? એટલે To the point જે ઉત્તર છે એ તો હવે આવે છે. તો એમ કહે છે કે મોક્ષમાર્ગી જીવને પુરુષાર્થની વૃદ્ધિ થાય ત્યારે નિર્વિકલ્પદશા થાય. ઉગ્ર પુરુષાર્થના કાળમાં કે તીવ્ર પુરુષાર્થના કાળમાં નિર્વિકલ્પદશા હોય છે અને પુરુષાર્થની મંદતાના કાળમાં મોક્ષમાર્ગી ધર્માત્મા શુભોપયોગમાં આવે છે. 'પ્રવચનસાર'ની 'ચરણાનુયોગસૂચક ચુલિકા'માં ૨૫૪-૨૫૫ ગાથામાં એ વિષય ચાલ્યો છે.

અહીંયાં પુરુષાર્થની વૃદ્ધિની વાત જ્યારે છે ત્યારે કેવી રીતે એ વૃદ્ધિ કરે ? તો કે સ્વરૂપધ્યાન કરે ત્યારે વૃદ્ધિ કરે. સ્વરૂપધ્યાનનો પુરુષાર્થ છે. તો સ્વરૂપધ્યાનની અંદર જે આત્મા દેહાકારે આખો ચૈતન્ય પિંડ છે એ અવલંબનની આધારભૂમિ છે. કેમકે એ અસ્તિત્વ ગુણની પર્યાય છે. પ્રદેશમાં અસ્તિત્ત્વ – પ્રદેશ જેટલા પ્રદેશ છે એટલું અસ્તિત્વ વ્યાપ્ય-વ્યાપકરૂપે છે અને શ્રદ્ધાગુણ અસ્તિત્વને પકડે છે અને મોક્ષમાર્ગમાં શ્રદ્ધાના બળે આગળ વધાય છે.

આ 'બહેનશ્રી'નું વચનામૃત છે કે મોક્ષમાર્ગની

અંદર સાધકજીવ શ્રદ્ધાના બળે – દૃષ્ટિના બળે આગળ વધે છે. ત્યાં 'દૃષ્ટિ' શબ્દ વાપર્યો છે ને પોતે 'દૃષ્ટિ' શબ્દ (વાપર્યો છે). દૃષ્ટિના બળે આગળ વધે છે. દૃષ્ટિનું બળ કહો કે શ્રદ્ધાનું બળ કહો. તો અહીંયાં ફેર શું પડ્યો ? પુરુષાર્થનો પ્રકાર ફેર નથી પડ્યો, પણ પુરુષાર્થના પ્રારંભ માટે અજ્ઞાનદશામાંથી જ્ઞાનદશામાં આવવામાં અને શ્રદ્ધા અને લીનતા પ્રગટાવવામાં જ્ઞાન કારણ છે પણ જેને જ્ઞાન અને શ્રદ્ધા પ્રગટી એને પુરુષાર્થ વૃદ્ધિ થવામાં દૃષ્ટિ કારણ છે, શ્રદ્ધા કારણ છે. આવો એક કારણ-કાર્યના Logicમાં સૂક્ષ્મ ફેરફાર છે એનો ઘણાને ખ્યાલ નથી. એટલે શું કરે છે કે ક્યાંક કાંઈક લગાડે છે અને ક્યાંક કાંઈક લગાડે છે. જ્ઞાનદશામાં જ્ઞાનનું કારણ લગાડી દ્યે અને મિથ્યાત્વની દશામાં અથવા મુમુક્ષુદશામાં શ્રદ્ધાનું કારણ લગાડી દ્યે કે, શ્રદ્ધાથી આગળ વધો, ઓલો કહે જ્ઞાનથી આગળ વધો પછી વિવાદ થાય.

કેમકે મોક્ષમાર્ગીને તો અનુભવજ્ઞાન તો વર્તે છે, પરિણતિ પણ વર્તે છે પણ ઉપયોગ બહાર જાય છે અને શ્રદ્ધા બહાર જાતી નથી. જ્ઞાનનો ઉપયોગ બહાર જતો હોવા છતાં શ્રદ્ધા બહાર જાતી નથી. અને શ્રદ્ધા પોતાની પૂરી શક્તિથી સ્વરૂપને શ્રદ્ધવાનું પોતાનું પરિણમન ચાલું રાખે છે, પોતાનું કાર્ય ચાલુ રાખે છે અને એની અંદર Force ઘણો છે. પોતાનું શ્રદ્ધાબળ, શ્રદ્ધાને પોતાનું શ્રદ્ધાબળ પૂરેપૂરું છે, જ્યારે જ્ઞાનને જ્ઞાનબળ છે એ વહેંચાયેલું છે. (જ્ઞાનમાં) બે ભાગ થઈ જાય છે – લબ્ધ અને ઉપયોગનો. જો કે લબ્ધ બળવાન છે, ઉપયોગ બળવાન નથી. બહાર ગયેલો જ્ઞાનીનો ઉપયોગ બળવાન નથી. લબ્ધ બળવાન છે. તોપણ શ્રદ્ધાનું જોર ઘણું છે. કેમકે પૂરેપૂરી, ગુણની પૂરી શક્તિથી ગુણ કામ કરી રહ્યો છે. વહેંચાયેલી શક્તિથી (કામ નથી કરતો). બન્નેમાં અનંતશક્તિ છે. શ્રદ્ધાગુણમાં પણ પોતાની અનંતશક્તિ છે અને જ્ઞાનગુણમાં, પ્રત્યેક ગુણમાં પોતાની અનંત શક્તિ છે પણ શ્રદ્ધા પૂરી શક્તિથી કાર્ય કરે છે અને બીજા ગુણો અધૂરી શક્તિથી કાર્ય કરે છે એમ કહેવું જોઈએ. એટલે આગળ વધવાનું, પુરુષાર્થના પ્રકારમાં વૃદ્ધિગત થવાનું કારણ ત્યાં શ્રદ્ધા છે એમ કહે છે. એમ અહીંયાં પોતે પ્રતિપાદન કરે છે કે લીનતા થવામાં શું કારણ છે. જુઓ ! હવે, હવે ફરીથી લઈએ.

પ્રશ્ન :– આ જે જ્ઞાનમાં બે ભેદ પડ્યા ને ? ઉપયોગ અને લબ્ધ. તો જ્ઞાનના જોરની સાથે લબ્ધ ચાલે છે ને ?

સમાધાન :– હા, લબ્ધ અને શ્રદ્ધાનો વિષય એક છે. શુદ્ધાત્મા છે.

પ્રશ્ન :– સાથે સાથે ચાલે છે ?

સમાધાન :– હા, અભેદપણે ચાલે છે. સાથે એટલે અભેદપણે વર્તે છે. દર્શન-જ્ઞાન-ચારિત્રની જે પરિણતિ છે ઇ અભેદ છે. ત્રણેયની એકતારૂપ ધર્મ છે અને ત્યાં એ પરિણતિરૂપ ધર્મ છે. શુભોપયોગ થાય છે તે ધર્મ નથી. અશુભ ઉપયોગનો તો પ્રશ્ન ચર્ચવાનો નથી પણ શુભોપયોગ થાય છે તે પણ જ્ઞાનીને ધર્મ નથી.

પ્રશ્ન :– મુમુક્ષુ સાચી સમજણનો પ્રયાસ કરે છે પણ શ્રદ્ધા ઊલટી હોવાથી પ્રયાસ છે તે નિષ્ફળ જાય છે એવું થાય છે ?

સમાધાન :– નહીં. એમાં શું છે કે યથાર્થ સમજણમાં એવું એક કારણ ઉત્પન્ન થાય છે યથાર્થ સમજણને લઈને કે દર્શનમોહનો અનુભાગ ઘટતો જાય છે, એ શાસ્ત્રભાષામાં (કહ્યું). પણ ચાલતી ભાષામાં કહીએ તો દર્શનમોહનો જે ભાવ છે એનો રસ તૂટતો જાય છે અને શક્તિ રસમાં છે. એટલે દર્શનમોહની જે શક્તિ છે, દર્શનમોહના પરિણામમાં જે મિથ્યાત્વની જે શક્તિ છે એ શક્તિ તૂટતી જાય છે અને દર્શનમોહ નબળો પડતો જાય છે. દર્શનમોહનો ભાવ નબળો (પડે છે), એટલો નબળો પડે, એટલો નબળો પડે, એટલો નબળો પડતો જાય કે એક વખત એને દબાવાનો વારો આવી જાય છે. સંપૂર્ણ દબાઈ જાય ઉદય જ ન આવે. ભાવે કે દ્રવ્યે બન્ને પ્રકારે (ઉદય જ ન આવે). નહીંતર એમાં દ્રવ્યે ઉદય આવે તો ભાવ થયા વગર ન રહે. મિથ્યાત્વની પ્રકૃતિનો ઉદય હોય એ જીવને ભાવમાં અવશ્ય મિથ્યાત્વભાવ જ પ્રવર્તે. એને સમ્યક્ત્વભાવ ન પ્રવર્તી શકે. એટલે પ્રથમ એને ભાવમાં ઉપશમાવાનું કારણ બને, તો જ દ્રવ્યે ઉપશમાય. ભાવે ઉપશમાય

તો દ્રવ્યે ઉપશમાય. એટલે બધાને પ્રથમ ઉપશમ સમ્યક્દર્શન થાય છે એનું કારણ આ છે કે, ઇ બહુ બળવાન પ્રકૃતિ છે, ભાવે અને દ્રવ્યે બન્ને રીતે. અને એ નબળું ન પડે ત્યાં સુધી દબાય નહીં. અને એ કાર્ય યથાર્થ સમજણ કરે છે.

હવે અહીંયાં જેને મિથ્યાત્વ પ્રકૃતિનો ઉદય જ નથી ને ભાવમાં મિથ્યાત્વનો ભાવ નથી ઇ મોક્ષમાર્ગમાં કેવી રીતે આગળ વધે છે ? તો કહે (છે), એની પાસે હવે શ્રદ્ધાની એક બહુ મોટી તાકાત આવી ગઈ. જે મિથ્યાત્વ એટલે ઊંધી શ્રદ્ધા પડી હતી ઇ સવળી પૂરેપૂરી થઈ છે અને આ બહુ મોટી તાકાત છે એની પાસે.

સમ્યક્દર્શનની મૂડી એટલી મોટી છે કે સાતમી નારકીની પીડા એને વિચલિત ન કરી શકે. સાતમી નારકીની અશાતાની પીડા સમ્યક્દર્શનને વિચલિત ન કરે, ઉપયોગને વિચલિત કરી જાય. ચારિત્રમાં દ્વેષ કે રાગ ઉત્પન્ન થઈ જાય (પણ) સમ્યક્દર્શનને હલાવી ન શકે. એટલે 'કુંદકુંદાચાર્યદેવે' 'નિર્જરા અધિકાર'માં એ વાત લીધેલી કે (ભલે) વજ્રપાત થાય નહીં અને ત્રણેય લોક ભલેને ખળભળી જાય, સમ્યક્દષ્ટિ અવિચલિત રહેવાનો. એના સમ્યક્દર્શનની તાકાતની અમને ખબર છે કે સમ્યક્દષ્ટિ વિચલિત નહીં થાય જાવ ! એટલે 'સમયસાર'ના 'નિર્જરા અધિકાર'માં ઇ 'વજ્રપાત' શબ્દ ત્યાં નાખ્યો છે. અને એવું સાહસ કરવાને સમ્યક્દષ્ટિ સમર્થ છે. 'સાહસમ્ ઇદમ્' એ સાહસ કરવાને સમ્યક્દષ્ટિ સમર્થ છે, બીજા કોઈની તાકાત નથી કે એ સાહસ કરી શકે.

સામાન્ય માણસો તો નાની-મોટી વાતમાં હિંમત હારી જાતા હોય છે, સામાન્ય પ્રસંગોમાં હિંમત હારી જાય. સમ્યક્દષ્ટિને કદી હિંમત હારવાનો, ભય થવાનો કોઈ પ્રશ્ન નથી. ચારિત્રમોહનો થાય તો એ પર તરીકે જાણે છે. અંદરની મજબૂતાઈ એટલી ને એટલી છે, શ્રદ્ધામાં કાંઈ ફેર પડે નહીં.

એટલે ખરેખર તો શ્રદ્ધાનું જે પરિણમન અનંત બળવાન છે એને માપવા માટે જગતમાં કોઈ સાધન નથી. ન તો સાતમી નારકી સાધન છે, ન તો વજ્રપાત સાધન છે પણ સમજાવવા માટે એટલું કહેવું પડે છે. જીવને આથી વધારે કોઈ ઉપદ્રવ કરનાર નથી. બાકી અનંતનો અર્થ એ છે કે કોઈ વાતે જેનો અંત ન લાવી શકાય એનું નામ અનંત છે. માટે સમ્યક્દષ્ટિના શ્રદ્ધાબળને માપવાની કોઈ શક્તિ, કોઈ માપ, કોઈ ઉપમા, કોઈ મીટર, કોઈ વાત જગતમાં છે જ નહીં. એમ છે ખરેખર તો. એ તે પ્રસંગો મપાય છે, સાતમી નારકી મપાય છે અને વજ્રપાત મપાય છે, સમ્યક્દર્શનની શ્રદ્ધા હજી ત્યાં મપાતી નથી એમ લેવું.

એમાં આ એક અસ્તિત્વ અને પ્રદેશત્વ, એ અસ્તિત્વગુણની પર્યાય કોઈવાર લેવામાં આવે છે. પ્રદેશત્વ અને અસ્તિત્વગુણની (પર્યાય લેવામાં આવે છે). જ્યાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની વાત ચાલે છે ત્યારે કોઈ એમ કહે કે ભાઈ ! આ દ્રવ્ય-ગુણ-પર્યાય (ત્રણ) હતા પણ એમાં આ ચોથું ક્ષેત્ર ક્યાંથી આવ્યું ? તો એ પર્યાયનો એક બીજો ભેદ છે. કેમકે પર્યાયમાં અર્થપર્યાય અને વ્યંજનપર્યાય બે પ્રકાર ઊપજે છે અને બન્ને તદ્દન જુદાં પ્રકાર છે. અને ક્ષેત્રનું મહત્વ ત્યાં છે કે ધ્યાનની અંદર જે રમણતા, લીનતા કરવી છે એમાં પોતાના ક્ષેત્રથી બહાર ક્યાંય વ્યાપ્ય-વ્યાપકપણું નથી. પોતે ત્યાંથી વાત ઉપાડી છે. લીનતાનો વિષય લેવો છે. એટલે આની અંદર ધ્યાનનો સંકેત છે, ધ્યાનના પુરુષાર્થનો સંકેત છે આની અંદર.

**'અખંડ જ્ઞાનઘન, પુરુષાકાર...'** એટલે સીધો એ ઉપયોગમાં આખો ચૈતન્યપિંડ જ લેવાય છે અને એની અંદર અનંતા ગુણોનું સામર્થ્ય ભરેલું છે. એવું જે સ્વરૂપઅસ્તિત્વ છે એ શ્રદ્ધાને ગ્રહણ કરવાનું છે. એટલે એમાં બન્ને વાત કરી લ્યે છે કે અનંત સામર્થ્ય શક્તિરૂપે અને એ શક્તિ જેટલા ક્ષેત્રમાં રહી છે એટલાનો જ આધાર લેવાનો છે એથી બહાર ક્યાંય નહિ. એની આધારભૂમિ બીજે ક્યાંય નથી. પરિણામની આધારભૂમિ પોતાનું સ્વક્ષેત્ર જ છે.

એનું પણ એક બીજું કારણ છે કે મનમાં વિકલ્પ ચાલતા હોય છે. નિર્વિકલ્પ ધ્યાન પહેલા વિકલ્પ મનમાં ચાલતા હોય છે અને બહુ પાતળા વિકલ્પ મનમાં થાય પછી અહીંયાં થોડું વેદન વિશેષ આવે છે. જેને પરિણામની ચંચળતા ઘટે છે, અન્યમતિ જીવોને આ

યોગના અને પ્રાણાયામના પ્રયોગ કરતી વખતે અહીંયાં અનુભવ થાય છે એમ કહેવાનું કારણ છે કે એના અનુભવની વાત કરે છે, પણ એ કોઈ નિર્વિકલ્પ અનુભવ નથી. થોડું જે મસ્તક છે એને ઇ લોકો બ્રહ્મરંધ્ર કહે છે, ત્યાં જ્ઞાનનું થોડું વેદન ઉગ્ર થાય છે, ઇ ભાગની અંદર, આ ભાગમાં...

પ્રશ્ન :- વેદન સહિત...

સમાધાન :- ના, હજી સવિકલ્પદશા છે પણ ચંચળતા ઘટે છે. ત્યારે ક્ષેત્ર અપેક્ષાએ આ એક અનુભવાતો ભાવ છે, ક્ષેત્ર અપેક્ષાએ. આ ચર્ચા એમની સાથે થોડી કરી હતી. તો કહે, બરાબર છે. આ પ્રશ્ન કર્યો હતો. એ વાત બરાબર છે. ચંચળતા ઘટે ત્યારે થોડું બીજા ક્ષેત્રની અપેક્ષાએ આટલા ભાગની અંદર મસ્તિષ્કની અંદર જરા વેદનનો પ્રકાર સ્પષ્ટ અનુભવગોચર થાય છે; પણ આત્મા અખંડ છે ક્ષેત્ર અપેક્ષાએ, એક પ્રદેશી છે, અસંખ્યી પ્રદેશીપણું તો વ્યવહારથી કહેવામાત્ર છે. ધ્યાનનો વિષય જે નિર્વિકલ્પ અનુભવનો છે એ તો સળંગ ચૈતન્ય પિંડ દેહાકારે છે. નિર્વિકલ્પદશામાં એ પરિસ્થિતિ (બને છે). ઓલા લોકોને નિર્વિકલ્પદશા થતી નથી એટલે એને ધ્યાન માને છે.

મુમુક્ષુ :- મગજને મુખ્ય કરીને વાત કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અને જુઓને લોકોમાં પણ માણસ શું કહે છે ? કે કોઈપણ માણસને ચિંતા થશે એટલે માથે દુખાવો થાય. થોડીક ચિંતા વધશે અથવા એમ કહે કે ભાઈ ! મને બરાબર મગજમાં વાત આવતી નથી. આ એક મૂંઝવણનો વિષય છે અને માથું થોડુંક એની અંદર સલવાણું છે તો એ ગૂંચ નીકળે ત્યારે માથું ચોખ્ખું થાય એવું છે એમ કહે છે. એ કોઈ કુદરતી ગમે તે પ્રકાર હો ઇ પ્રકારનું વિજ્ઞાન આગમમાં ક્યાંય સ્પષ્ટ નથી. તબીબી વિજ્ઞાનમાં તો એમ કહે છે કે ભાઈ ! ત્યાં જ્ઞાનતંતુઓનો જથ્થો બધો ખોપરીની અંદરના ભાગમાં છે અને ત્યાં મગજ છે એમ કહેવામાં આવે છે, અને ત્યાંથી જ બધા Order થાય છે. પાંચેય ઇંદ્રિયોના કાર્યો કરવાના હુકમ ત્યાંથી નીકળે છે. હવે એ ગમે તે પ્રકાર હો, પણ ચિંતાના વિષયમાં માણસને અથવા માણસ બહુ બુદ્ધિશાળી હોય ત્યારે એને એમ કહેવામાં આવે છે કે આને મગજ ઘણું છે, બહુ મગજવાળો છે. કાં તો પછી (એમ કહે કે), આને કાંઈ મગજ જ નથી, હોય સંજ્ઞી પંચેન્દ્રિય માણસ. એટલે ગમે તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધે ક્ષેત્રનો કે શારીરિક અવયવોનો ત્યાં કોઈ રચનાનો ગમે તે પ્રકાર હોય, પણ જ્યારે ચંચળતા ઘટે છે ત્યારે જ્ઞાનવેદન છે ઇ આટલા ભાગની અંદર તારતમ્ય વિશેષતા પકડે છે. વેદન તો જ્ઞાનને જ છે અને થોડી તારતમ્યતા વિશેષ પકડે છે. અને ચંચળતા ઘટવાને લીધે આકુળતા ઘટે છે, આકુળતાનો પારો એકદમ નીચો આવે છે, પરિણામની ચંચળતા ઘટે ત્યારે. અને ત્યારે માણસને થોડી શાંતિ લાગે છે. એને ઇ લોકો ધ્યાન માને છે. કેવું ધ્યાન થાય છે ? તો કે ઇ તો વચનાતીત છે. કેમકે વેદનને તો અમસ્તુય તે વર્ણવી શકાય એવું છે નહીં. એટલે એ લોકો પણ વચનાતીત ધ્યાન અમને થાય છે અને અનુભતિ થાય છે એને અનુભૂતિ માને છે. અનુભવની ક્રિયાને અનુભૂતિ કહે છે. સંસ્કૃત તો એ લોકોનું પણ Powerful છે. બ્રાહ્મણ ને એ લોકોનું સંસ્કૃત ઘણું Powerful છે. એ લોકો 'અનુભૂતિ' શબ્દ વાપરે છે. પણ ત્યાં સુધી કોઈ વાત નિર્વિકલ્પ ધ્યાનની સમજવા યોગ્ય નથી.

પ્રશ્ન :- જ્યારે ચક્કર આવે છે ત્યારે માથામાં ખ્યાલ આવે છે કે આ ચક્કર આવે છે. ત્યારે વિકલ્પ ભલે અહીં ચાલતા હોય...

સમાધાન :- હા, પણ Sensation ત્યાં હશે. એ તો છે, એ તો છે જ. અને ત્યાં Injury થઈ એટલે માણસ Danger zoneમાં આવી ગયો. ખોપરીની અંદર જે કાંઈ રચના છે, ત્યાં કોઈપણ કારણસર કાંઈપણ Injury થઈ ગઈ, પછી ભલેને Blood નું Circulation block થયું હોય કે કોઈ ફટકો લાગવાથી અંદર કાંઈ Damage થયું હોય પણ ત્યાં કાંઈ Damage થાય એટલે ઇ માણસ સીધો Danger zoneમાં આવી જાય. Heart disease કરતાં પણ વધારે. Heart diseaseનો ઉપચાર છે, Operation સહેલું છે, અહીંનું નહીં.

એમ ધ્યાનની નિર્વિકલ્પદશા પહેલા એક આ જે પ્રકાર છે એ પ્રકારમાં ભૂલથી પણ ન આવે. અનુભવી પુરુષ એમ કહે છે કે જે અખંડ જ્ઞાનઘન પુરુષાકારે

આખો જે ચૈતન્યપિંડ આત્મા છે ત્યાં વ્યાપ્ય-વ્યાપકભાવે અનુભવ થાય, ખાલી આટલામાં નહીં. ઇ Stageથી આગળ જવાનું છે. ઇ Stage નથી આવતું એમ નથી કહેવું પણ ઇ Stageથી આગળ જવાનું છે.

મુમુક્ષુ :– ઇ Stageમાં ભૂલ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પડે છે. ઇ Stageની અંદર પણ અમુક વિભાગ જ આવ્યો ને ! પ્રદેશનો પણ એક વિભાગ જ આવ્યો, વ્યંજન પર્યાયનો. વ્યંજન પર્યાય શું કરવા લીધી ? આપણે વિચારવાનું ઇ છે. નહીંતર ધ્યાનની અને એકાગ્રતાની વાત લેવી છે તો વ્યંજન પર્યાયની વાત શું કરવા જોડી છે ? (આ) પત્રોનો બહુ ઊંડેથી અભ્યાસ કરવા જેવો આ બધો વિષય છે.

શરીર તો નહીં, કર્મ નહીં, ભાવકર્મ નહીં, શુદ્ધ પર્યાયથી ઊંડું ચૈતન્ય તત્ત્વ હું છું, 'મૈં હૂં', ઇ 'મૈં હૂં' ઇ શ્રદ્ધાનો વિષય છે. **'યહ હી મેરા અસ્તિત્વ હૈ,...'** આ અસ્તિત્વ શ્રદ્ધાનો વિષય છે. **'શુદ્ધપર્યાય કા ભી અસ્તિત્વ ઇસમેં ગૌણ હૈ;...'** એને પણ સ્પર્શ કરવાનો નથી. **'ઐસી પ્રથમ યથાર્થ શ્રદ્ધા જબ હી કહી જાતી હૈ,...'** જુઓ ! આ શ્રદ્ધાની વાત લીધી, એવી યથાર્થ શ્રદ્ધા ક્યારે કહેવાય છે ? કે, **'ઐસી શ્રદ્ધા કે પ્રસાર કે સાથ હી લીનતા કા પ્રથમ આત્માનુભવ હોતા હૈ.'**

**'લીનતા કા પુરુષાર્થ અથવા ઇસમેં વૃદ્ધિ યહ સબ પર્યાય કે કાર્ય હૈં.'** એ પછી એની અંદર આ જ પ્રકારે જોર આવે છે. એટલે શ્રદ્ધાનો પુટ લાગે છે, 'દિપચંદજી' એમ કહે છે. ધર્મીજીવને, સાધકજીવને સમયે સમયે શ્રદ્ધાનો પુટ લાગે છે. એમણે 'પુટ' શબ્દ વાપર્યો છે. આ વૈદ્યની ભાષા છે. જેમ પુટ આપે, સહસ્ત્રપુટી અબરખ ભસ્મ. એને એકવાર અગ્નિથી ગરમ કર્યું રાખ થઈ ગઈ, ફરીવાર એ રાખને એટલી જ ગરમ કરી, એટલી જ Degreeથી બીજો પુટ આપ્યો. ફરીથી (આપ્યો, એમ) હજારવાર એને પુટ આપ્યો. પરમાણુ એ ના એ છે પણ શક્તિ વધી ગઈ. એમ શક્તિને પરમાણુથી બહાર લાવવા માટે જેમ પુટ આપવામાં આવે છે એમ 'હું આવો છું' એમ શ્રદ્ધા પુટ આપે છે. એમ અનંત ગુણો જેમ જેમ સ્વરૂપ બાજુ ખેંચાય છે એમ વિકાસ પામતા જાય છે. અનંત ગુણો જેમ જેમ પરદ્રવ્ય તરફ ખેંચાય છે તેમ મૂંઢાતા જાય છે, એમ અંતર બાજુ ખેંચાય છે એમ એ વિકાસ પામતા જાય છે. અને એ બધાના (ભૂળમાં) પુરુષાર્થ છે. શ્રદ્ધાનો પુટ લાગે છે 'દિપચંદજી' એમ કહે છે. ઇ પણ એમની અનુભવની ભાષા નીકળી છે. એને જ્ઞાનીનો લીનતાનો પુરુષાર્થ કહે છે અથવા પુરુષાર્થમાં વૃદ્ધિ કરી એમ પણ કહે છે. પણ એ પર્યાયનું કાર્ય પર્યાયમાં છે. હું એને મુખ્ય નહીં કરું એમ કહે છે. ભલે પુરુષાર્થની વૃદ્ધિ થઈ, ભલે લીનતા થઈ, પર્યાયનું કાર્ય પર્યાયમાં છે.

**'મેરાપના, મેરા અસ્તિત્વપના અથવા વ્યાપકપના તો કેવલ ત્રિકાલી જ્ઞાનઘન અખંડ ચૈતન્ય મેં હૈ...'** મારી શ્રદ્ધા તો આમ પોકારે છે. જો મારા સમ્યક્દર્શનને વાચા આપું તો સમ્યક્દર્શન એમ બોલે કે, મારુંપણું ને મારા અસ્તિત્વપણું ને મારું વ્યાપકપણું તો ત્રિકાળ જ્ઞાનઘન અખંડ ચૈતન્ય છે એટલામાં જ છે, એથી બહાર જરાય નહીં. અને એ દૃષ્ટિમાં પર્યાયનો પુરુષાર્થ સહજસ્વભાવ છે. પર્યાયની અંદર પુરુષાર્થ થાય કે વધી જાય ઇ તો સહજ સ્વભાવ છે. એમાં કાંઈ કરવાનું છે નહીં, ઇ તો Automatic જ છે, કરવા-ફરવાનું છે નહીં. પુરુષાર્થ કરવો ઇ પ્રશ્ન જ નથી, જ્ઞાનીને પુરુષાર્થ કરવો ઇ પ્રશ્ન જ નથી. પુરુષાર્થ ચાલી જ રહ્યો છે અને એ સહજ થઈ જ રહ્યો છે.

મુમુક્ષુ :– જ્ઞાનીને પુરુષાર્થ કરવાની જરૂર નથી ને અજ્ઞાનીને સમજણ કરવાની છે. એને પુરુષાર્થની જરૂર નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પુરુષાર્થ કર્તાભાવે કરવાની જરૂર છે જ નહીં ને કર્તાભાવે જો પુરુષાર્થ કરવાની વાત હોય તો પર્યાયની ક્રમબદ્ધતાનો સિદ્ધાંત તૂટી જાય છે. સિદ્ધાંત ક્યાંય તૂટવો ન જોઈએ, એકેય સિદ્ધાંત તૂટવો જ ન જોઈએ. બધા સિદ્ધાંત અખંડ રહે એનું નામ જ્ઞાન છે, સિદ્ધાંત ક્યાંય તૂટે એનું નામ અજ્ઞાન છે. બીજું કાંઈ નહીં. ક્યાંય સિદ્ધાંત ન તૂટે.

મુમુક્ષુ :– લાકડી બન્ને બાજુથી મારો છો.

પૂજ્ય ભાઈશ્રી :– કુંભાર માટલું ઘડે ત્યારે બેય બાજુથી ટીપ્યા વગર માટલું ઘડાય જ નહીં. એને ટીપવાનું ખાસ લાકડું આવે છે અને એનો સહેજ ગોળાઈવાળો

આકાર આવે છે, સીધો ન આવે. ટપ ટપ ટપ ટપ ઇ ટીપે ઉપરથી ટીપે અને અંદરથી ટીપે, ઉપરથી ટીપે અને અંદરથી ટીપે ત્યારે એનો ઘાટ આવે. કેમકે ઉપરથી ટીપતા અંદર જરાક જાય અને અંદરથી ટીપતા ઉપર જાય. ત્યારે જેટલું ઉપર ગયું હોય ને જેટલું અંદર ગયું હોય એને બીજી બાજુથી જ ધક્કો મારવો પડે અને તો જ એનું બરાબર Level આવે. એમ અહીંયાં Level લાવવાનું, Balance જાળવવાનું છે, સમતુલા જાળવવી જ પડે. ઇ તો દરેક બાજુમાં બન્ને બાજુ સાચવવી જ પડે. ઘરાક તમારી દુકાને આવે અને પડતર કરતા નીચે માલ માગે તો તમે કાંઈ ગુસ્સે થાવ તો કામ આવે ? ઘરાક છે, ભાઈ ! તમારે સમાધાન શું કરવું પડે ? ઘરાક છે ઇ તો મફત પણ માગે. આ તો થોડાક પૈસા – ભાવ બોલે છે નહીંતર એમ કહે કે મફત આપી દ્યો.

એક દૃષ્ટાંત આપીએ છીએ કે એક ચીજ એ રીતે મફત અપાતી હતી, તો કહે, નહીં હવે ઉપાડવાના પૈસા આપો, ઘરાક એમ કહે. શું કહે ? આને લઈ જવાની મજૂરીના પૈસા આપો. ઓઈલમીલની ફોતરી(ના) અત્યારે તો પૈસા ઊપજે છે પણ એક જમાનામાં પૈસા નહોતા ઊપજતા. એનો ઉપયોગ નહોતો એટલો હવે એનો ઉપયોગ થવા મંડ્યો. ઢોરના ખાણમાં. એનો ઉપયોગ (નહોતો), ફેંકી દેવાની આ લોકોને ચીજ હતી એટલે પછી શું કરે જગ્યા બહુ રોકે, ફોતરા તો જગ્યા બહુ રોકે, પોલી ચીજ (એટલે) મોટો ઢગલો થાય. તો કહે, ઢોરને ખવડાવવા મફત લઈ જાવ જેને જોઈતી હોય, તો ગાડાવાળા એમ કહે કે લઈ જવાના પૈસા આપો તો લઈ જઈએ, નહીંતર નહીં લઈ જઈએ. ઇ દુનિયાનો રિવાજ છે કે ગરજ ઉપર જ ભાવ થાય છે. વેચનાર અને લેનારની ગરજ ઉપર ભાવ થાય છે. લેનારની ગરજ હોય તો ભાવ વધે ને વેચનારની ગરજ હોય તો ભાવ ઘટે. વધવા ઘટવાની આ નીતિ છે અથવા સ્વાભાવિક – કુદરતી છે.

એટલે અહીંયાં તો વેપારની અંદર પણ જ્યારે બન્ને બાજુ તમારે સંભાળવી પડે છે કે ઘરાકને જાવા દેવો નથી ને ઘરાકને માઠું લગાડવું નથી. એને ખરાબ લાગવું ન જોઈએ અને તમારા ભાવે પાછો તમારે વેપાર કરી લેવો છે. તો તમે કેવી બન્ને બાજુની ચાલાકી વાપરો કે ન વાપરો ? અને ન વાપરતા આવડે તો શું કહે ? કે આને વેપાર કરતા આવડતો નથી, ઘરાક ભાગી જાય છે. આ ઘરાકને સમજાવી શકતો નથી, ઘરાકને સાચવી શકતો નથી. એક વેપાર કરવામાં પણ તમારે બે બાજુ ચાલવું પડે છે. જમવામાં પણ તમારે બન્ને બાજુ ચાલવું પડે છે. સાલમપાક હોય એટલે કાંઈ એક કિલો ખાઈ ન જવાય. વૈદ્ય એમ કહે કે, ભાઈ ! તમારે આ રોજ એક-બે ચમચા લેવાના છે. શું કહે ? આની અંદર બધા એવા મસાલા હજમ કરવા માટે નાખેલા છે કે તમારે આમાંથી બે ચમચા રોજ લેવાના છે. રોજ સવારે બે ચમચા શિયાળામાં ખાઈ જજો, શક્તિ આવશે. એના બદલે ભાવે એટલે કિલો ખાઈ જાય તો ? એ તો બન્ને બાજુ ચાલવું જ પડે.

મુમુક્ષુ :– દાંતથી ચાવતી વખતે જીભને સાચવવી પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, દાંતને ચાવતી વખતે જીભને સાચવવી પડે. ખોરાક ફેરવવો છે અને જીભને દાંતની વચ્ચે આવવું નથી. ઇ તો બન્ને બાજુ સાચવવું જ પડે. ખાવામાં પણ પ્રમાણસર ખાવું, વધારે ન ખાવું ને ઓછું પણ ન ખાવું. બન્ને બાજુ ચાલવું જ પડે એવું છે. ઇ તો દરેક કાર્યની મર્યાદા જ આ છે. એટલે તો અનેકાંતવાદ કીધો છે, જિનવાણીને અનેકાંતવાદ કીધો છે. બધી જગ્યાએ આમાં અપેક્ષા છે, સાપેક્ષપણું છે. પુત્ર એકાંતે પુત્ર નથી. કોઈપણ સંબંધ એકાંતે સંબંધ નથી. એમ છે. પુત્ર કો'કનો પિતા હોય પાછો. એકાંતે કોઈ કોઈનો પુત્ર હોતો નથી. વસ્તુસ્થિતિ છે. અનેકાંતવાદ એટલે એ તો વસ્તુસ્થિતિ જ છે.

ડાયાબિટીસ થાય છે કે નહીં ? સાકર નહીં ખાવાની. તો એમ કે સાકર ઘટી પણ નહીં જવી જોઈએ. ખીસામાં પિપરમીટ અને સાકર રાખીને ફરજો. જો ઘટી જશે ને તો ઊલટાનું જોખમ વધશે. Sugar વધે એના કરતા Sugar ઘટે એનું જોખમ વધારે છે. તરત જ ચક્કર આવે, માણસ હેઠો પડી જાય, Blood pressure ઘટી જાય. જ્યારે તમને એમ લાગે કે કાંઈક અસર બીજી થઈ છે એટલે સીધો સાકરનો ગાંગડો મોઢામાં

મૂકી દેજો. ઇ વખતે તમારે સાકર વધારવી જોઈએ. તમારે બન્ને બાજુ Action લેવા જ પડે, આ નિયમ છે. કોઈ દિવસ એકબાજુનું Action ચાલે જ નહીં.

ઘરમાં મુખ્ય માણસનું ચાલતું હોય. તમારા ઘરમાં (તમારું) ચાલે. એકાંતે ન ચાલે, હોં ! ક્યાંક દીકરાનું પણ રાખવું પડે પાંચ વર્ષનો હોય એનું, એનું પણ રાખવું પડે અને ક્યાંક પત્નીનું રાખવું પડે, ક્યાંક દીકરીનું પણ રાખવું પડે, ક્યાંક મા-બાપનું પણ રાખવું પડે. બધાનું રાખવું પડે. એકાંતે કોઈનું ન ચાલે. એ સંસાર જ કોઈ દિવસ ન ચાલે, છૂટાછેડા લેવાનો જ વારો આવે, બીજું કાંઈ ન થાય. પત્નીનો પતિ હોય તોપણ એકાંત ન ચાલે. આ એક વાસ્તવિકતા છે, પરિણમનની આ એક વાસ્તવિકતા છે. બધા જ ક્ષેત્રની અંદર એકબાજુ નથી ચાલતું.

દૃષ્ટિ ભલે એકલા ત્રિકાળીને સ્વીકારે તોપણ જ્ઞાનમાં એમ ન ચાલે. જ્ઞાનમાં એવું ન ચાલે. ત્યાં સાધકદશાનો વિવેક કરવો પડે. યથાસ્થાને રાગ આવવો પડે. યથાસ્થાને દ્વેષ થવો જોઈએ, રાગ નહીં. ૭૨૩ 'ગુરુદેવ'નું વચનામૃત છે ને ! કોઈ ધર્મ ઉપર, કોઈ ધર્માત્મા ઉપર ઉપસર્ગ કરતું હોય. અંદરમાં ભય હોય પણ બહારથી એમ દેખાડે કે ભાઈ ! આપણે મધ્યસ્થ રહો. આપણે ઝઘડો કરવા જશું તો આપણા પરિણામમાં અશાંતિ થઈ જશે એના કરતા મધ્યસ્થ રહો તો પરિણામમાં શાંતિ તો રહે. એ ધોખાબાજી છે. પોતાને છેતરે છે, લીધું છે. 'ગુરુદેવે' તો બધા પડખા ચોખ્ખા કર્યા છે ને !

મુમુક્ષુ :– ભયવાળાને ક્યાંથી શાંતિ હોય એ તપાસે તો એને ખબર પડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– એને અશાંતિ હોય પણ ઇ વખતે એને ઓલો આડંબર – દેખાવ કરવો પડે છે કે હું તો મધ્યસ્થ છું, મારે તો શાંતિ રાખવી છે, મારે કાંઈ અશાંતિમાં પડવું જ નથી, ઝઘડાની વાતો છે. અશાંતિ થઈ જાય, આમાં આમ થઈ જાય, તેમ થઈ જાય. મૂળમાં અંદરમાં ભય છે. 'ગુરુદેવ' તો કહે, નહીં ! ધર્માત્મા હોય તોપણ તલવાર કાઢે, શું કહે ? ધર્માત્મા હોય તોપણ તલવાર ખેંચે. આમ ન ચાલે. ઘણી વાતો કરી ગયા છે.

મુમુક્ષુ :– ઇ વખતે ખ્યાલ છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. તોય ખ્યાલ છે, તોપણ તલવાર કાઢે. એમ છે. બહુ કડક દાખલો આપ્યો છે. ઇ વાત કરતી વખતે એટલો બધો કડક (દાખલો) આપ્યો છે કે તારી મા ઉપર કોઈ આરોપ કરે તો પછી તું ત્યાં મધ્યસ્થ થઈ જા છો ? શાંતિ રાખે છો ? પોતે એવો દાખલો આપ્યો છે. 'ગુરુદેવ'ની તો ભાષા જોરદાર ને ! એવો દાખલો આપ્યો છે, દૃષ્ટાંત આપ્યો છે. ઇ ન સહન કરે. પોતાની મા ઉપર કોઈ કીચડ ઉછાળે તો સહન ન કરે; એમ જિનવાણી છે, ધર્માત્મા છે, ધર્મ છે, ધર્માયતન છે એના ઉપર કાંઈપણ થાય તો બેસી ન રહે અને જો બેસી રહે તો સમજવું કે મધ્યસ્થી નથી પણ મિથ્યાદૃષ્ટિ છે. પોતે Judgement આપ્યું છે.

ઇ બધું જ્ઞાનને વિવેક કરવાનું કામ છે. શ્રદ્ધા ક્યાંય અડતી નથી. શ્રદ્ધા નથી રાગને અડતી, નથી દ્વેષને અડતી, નથી શુદ્ધ પર્યાયને અડતી. ઇ રાગ-દ્વેષને એટલે અડતી નથી કે એ શુદ્ધ પર્યાયને સાથે નથી અડતી. જ્યારે જ્ઞાન શુદ્ધ પર્યાયને સ્પર્શે છે તો એના પ્રમાણમાં રાગ-દ્વેષનો પણ વિવેક કરે છે કે, યથાસ્થાને રાગ-દ્વેષ (હોય). ભૂમિકા અનુસારનો પ્રકાર હોવો જ જોઈએ, ન હોય તો એની એ ભૂમિકા હોઈ શકે નહીં.

એટલા માટે તો વ્યવહાર ગોઠવ્યો છે ને ! મુમુક્ષુની ભૂમિકામાં મુમુક્ષુનો વ્યવહાર ન હોય તો એ મુમુક્ષુ નથી, જ્ઞાનીની ભૂમિકામાં જ્ઞાનીનો વ્યવહાર ન હોય તો તે જ્ઞાની નથી, મુનિની ભૂમિકામાં મુનિનો વ્યવહાર ન હોય તો તે મુનિ નથી. એટલા માટે તો એ ગોઠવ્યું છે. ઇ કાંઈ મફતની ફાલતું વાત નથી વ્યવહારની. એટલા માટે જ એ વાત છે. એ ભૂમિકામાં એ હોવું જ ઘટે છે.

**'મેરાપના, મેરા અસ્તિત્વપના અથવા વ્યાપકપના તો કેવલ ત્રિકાલી જ્ઞાનઘન અખંડ ચૈતન્ય મેં હૈ - ઇસ દૃષ્ટિ મેં પર્યાય કા પુરુષાર્થ સહજ સ્વભાવ હૈ. પર્યાયઅપેક્ષા પુરુષાર્થ હુઆ,...'** પર્યાયઅપેક્ષા **'વૃદ્ધિ હુઈ, ઉસે પુરુષાર્થ કિયા અથવા વૃદ્ધિ કરી, ઐસા કહતે હૈં.'** એ તો વચન વ્યવહાર છે, એ તો સહેજે થાય છે.

**'યથાર્થ મેં તો ઉક્ત અસ્તિત્વપને કી અખંડ દૃષ્ટિ કે બલપર...', 'યથાર્થ મેં તો ઉક્ત અસ્તિત્વપને કી અખંડ દૃષ્ટિ કે બલપર...'** જોયું ! દૃષ્ટિનો વિષય અસ્તિત્વપણું છે, એના બળ ઉપર **'પર્યાયોં કા ક્રમ સહજ હી અખંડ કી ઓર બઢતા રહતા હૈ.'** અનંતા ગુણોની પર્યાયનો ક્રમ અખંડની બાજુ વધતો જ જાય છે. પુરુષાર્થ એકલો વધતો નથી, જ્ઞાન પણ વધે છે, ચારિત્ર પણ વધે છે, શાંતિ પણ વધે છે બધા ગુણ વધે છે.

**'પુરુષાર્થ આદિ કી...'** એટલે બધા ગુણ લઈ લેવા. **'પુરુષાર્થ આદિ કી ઇન પર્યાયોં મેં કોઈ ઉલટફેર કરના નહીં પડતા;...'** હું એને વધારું, એને ઘટાડું, કમ કરું, કાંઈ એને કરવું પડતું જ નથી. કારણ ? કેમ નથી કરવા પડતા ? **'કારણ કિ પર્યાય મેં તો મેરા - દૃષ્ટિ કે વિષય કા - અસ્તિત્વ હી નહીં હૈ...'** ન ! જેમ પર દ્રવ્યમાં મારું અસ્તિત્વ નથી માટે હું ત્યાં કાંઈ કરી શકતો નથી, તો પર્યાયમાં મારું અસ્તિત્વ નથી માટે હું કાંઈ કરી શકતો નથી, જાવ ! મારે કાંઈ કરવું નથી. એ સહેજે થશે. આવા દૃષ્ટિના બળ ઉપર એ સહેજે થાય છે એ યથાર્થ વિધિનો આ વિષય છે. **'પર્યાય મેં તો મેરા - દૃષ્ટિ કે વિષય કા - અસ્તિત્વ હી નહીં હૈ કિ 'મૈં' ઉસમેં કુછ કર સકૂં ! મેરા અસ્તિત્વ તો ત્રિકાલીપન મેં હૈ. આશા હૈ મેરા દૃષ્ટિકોણ મૈં વ્યક્ત કર સકા હૂં.'** મને એમ આશા છે કે આ હું મારો દૃષ્ટિકોણ વ્યક્ત કરી શક્યો છું.

---

*(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક)*

ન થાય; અને અશુદ્ધ વૃત્તિવાન જીવ પણ તેમ વર્તી પરમપુરુષોના માર્ગનો નાશ ન કરે. એ આદિ વિચાર પર મારું ચિત્ત રહે છે. તો પછી જેનું અમારાથી પરમાર્થબળ કે ચિત્તશુદ્ધિપણું ઓછું હોય તેણે તો જરૂર તે માર્ગણા બળવાનપણે રાખવી, એ જ તેને બળવાન શ્રેય છે, અને તમ જેવા મુમુક્ષુ પુરુષે તો અવશ્ય તેમ વર્તવું ઘટે; કેમ કે તમારું અનુકરણ સહજે બીજા મુમુક્ષુઓને હિતાહિતનું કારણ થઈ શકે. પ્રાણ જવા જેવી વિષમ અવસ્થાએ પણ તમને નિષ્કામતા જ રાખવી ઘટે છે, એવો અમારા વિચાર તે તમારા આજીવિકાથી ગમે તેવા દુ:ખની અનુકંપા પ્રત્યે જતાં પણ મટતો નથી; પણ સામો વધારે બળવાન થાય છે. આ વિષયપરત્વે તમને વિશેષ કારણો આપી નિશ્ચય કરાવવાની ઇચ્છા છે, અને તે થશે એમ અમને નિશ્ચય રહે છે.

આ પ્રમાણે તમારા અથવા બીજા મુમુક્ષુ જીવના હિતના અર્થે મને જે યોગ્ય લાગ્યું તે લખ્યું છે. આટલું જણાવ્યા પછી મારો પોતાનો મારા આત્માર્થે તે સંબંધમાં કંઈક બીજો પણ વિચાર રહે છે તે લખવો ઘટતો નહોતો પણ તમારા આત્માને કંઈક અમે દૂભવવા જેવું લખ્યું છે, ત્યારે તે લખવો ઘટારત ગણી લખ્યો છે; તે આ પ્રમાણે છે કે, જ્યાં સુધી પરિગ્રહાદિનું લેવુંદેવું થાય એવો વહેવાર મને ઉદયમાં હોય ત્યાં સુધી જો કોઈ પણ નિષ્કામ મુમુક્ષુ કે સત્પાત્ર જીવની તથા અનુકંપાયોગ્યની જે કાંઈ અમારાથી તેને જણાવ્યા સિવાય તેની સેવાચાકરી થઈ શકે તે દ્રવ્યાદિ પદાર્થથી પણ કરવી, કેમ કે એવો માર્ગ ઋષભાદિ મહાપુરુષે પણ ક્યાંક ક્યાંક જીવની ગુણનિષ્પન્નતાર્થે ગણ્યો છે; તે અમારા અંગના વિચારનો છે અને તેવી આચરણા સત્પુરુષને નિષેધ નથી, પણ કોઈ રીતે કર્તવ્ય છે. માત્ર સામા જીવને પરમાર્થનો રોધ કરનાર તે વિષય કે તે સેવાચાકરી થતાં હોય તો તેને સત્પુરુષે પણ ઉપશમાવવાં જોઈએ.

અસંગતા થવા કે સત્સંગના જોગનો લાભ પ્રાપ્ત થવા તમારા ચિત્તમાં એમ રહે છે કે કેશવલાલ, ત્રંબક વગેરેથી ગૃહવ્યવહાર ચલાવી શકાય તો મારાથી છૂટી શકાય તેવું છે. બીજી રીતે તે વ્યવહારને તમે છોડી શકો તેવું કેટલાંક કારણોથી નથી, તે વાત અમે જાણીએ છીએ, છતાં ફરી ફરી તમારે લખવી યોગ્ય નથી, એમ જાણી તેને પણ નિષેધી છે. એ જ વિનંતિ.

પ્રણામ પ્રાપ્ત થાય.

પ્રશ્ન :- આત્મામાં રાગ થાય છે, છતાં રાગ થતો નથી તેમ કેમ કહેવામાં આવે છે ?

સમાધાન :- આત્મા તો શાશ્વત પોતાના સ્વભાવરૂપે છે ને રાગ તો વિભાવ છે, તેથી તેમાં રાગ ક્યાંથી હોય ? દ્રવ્યમાં રાગ નથી. દ્રવ્ય અપેક્ષાએ 'રાગ નથી' તે બોલવામાત્ર નથી, પણ રાગ મારા સ્વભાવમાં ખરેખર નથી. મારા મૂળ સ્વરૂપમાં રાગ નથી. હું તો જેમ છું તેમ અનાદિ-અનંત જ્ઞાયકસ્વરૂપે છું; પણ પર્યાયમાં રાગ છે, તેનાથી દૂર કેમ થાઉં ? માટે પુરુષાર્થ કરવાનો રહે છે. આમ વિચારે તો આ બે અપેક્ષામાં વિરોધ નથી. દ્રવ્ય અપેક્ષાએ મારામાં રાગ નથી; દ્રવ્ય સ્વરૂપ જોઉં તો રાગ મારામાં નથી; હું તો જ્ઞાયક-શુદ્ધાત્મા છું. આ જે બધા વિભાવિક ભાવ છે તે ઉપર ઉપરથી રહેલા છે, તે અંતરના મૂળમાં નથી. રાગની પરિણતિ છે તે મારા મૂળ સ્વરૂપમાં નથી, તો તે ટળે કેવી રીતે ? એ રીતે સાધકને તેને ટાળવાનો અને પોતાના શુદ્ધાત્મસ્વરૂપને પ્રગટ કરવાનો પ્રયત્ન રહે છે. સાધકની રુચિમાં આવ્યું છે કે હું તો જ્ઞાયક છું. મારામાં આ રાગ છે જ નહિ. તો પણ આ બધું આવ્યું ક્યાંથી ? કે મારી પોતાની પરિણતિ પુરુષાર્થની મંદતાથી વર્તમાન તે રીતે પરિણમી છે એટલે તે આવ્યું છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૮૬)**

પ્રશ્ન :- જ્ઞાની રાગ મારામાં થાય છે એવું જાણવાં છતાં, રાગ મારામાં નથી તેમ ક્યા પ્રયોજનપૂર્વક વિચારે છે ?

સમાધાન :- જ્ઞાની પ્રયોજનપૂર્વક વિચારે છે કે રાગ મારા સ્વભાવમાં નથી. તેને રુચિ, પ્રતીતિમાં તો એમ છે કે રાગ મારા સ્વભાવમાં નથી છતાં પણ આ રાગ છે ખરો ! હવે તે છે તો ટળે કેવી રીતે ? એમ વિચારી તેને ટાળવાનો પ્રયત્ન કરે છે. હું તો અનાદિ-અનંત જ્ઞાયક જ છું, રાગ મારા સ્વભાવમાં નથી તેથી હું તેનો કર્તા નથી. આ રીતે અંતરમાં બેય અપેક્ષા સમજે છે તેથી જ્ઞાનીને બેમાં વિરોધ દેખાતો નથી. મૂળ સ્વરૂપમાં રાગ નથી તેથી ટળી જાય છે. જો મૂળમાં રાગ હોય તો ટળે ક્યાંથી ? જો મૂળમાં રાગ હોય તો આત્માનો સ્વભાવ થઈ જાય ને તો કદી ટળે નહિ. વળી રાગ દુઃખરૂપ છે ને પોતાનો સ્વભાવ દુઃખરૂપ હોય નહિ. માટે આ પરના લક્ષે થયેલી ઉપાધિરૂપ પરિણતિ છે ને તે ચાલી જતાં મારો સ્વભાવ છે તે પ્રગટ થઈ જાય છે. આમ તેની રુચિ પોતાના સ્વભાવ તરફ રહે છે. હું જ્ઞાયક છું અને આ રાગાદિ ટળે કેમ, એમ રુચિમાં અને ભાવનામાં તેને રહે છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૮૭)**

પ્રશ્ન :- શ્રદ્ધા પાકી થયા પછી વર્તન કેમ નથી થતું ? ચારિત્રને કેમ વાર લાગે છે ?

સમાધાન :- જ્ઞાનીના પ્રયત્નની કચાશ છે, જોકે તેને અમુક અંશે તો ચારિત્ર છે. જ્યાં શ્રદ્ધા યથાર્થ થાય છે ત્યાં જ્ઞાયકની પરિણતિ અમુક પ્રકારે તો પ્રગટ થઈ જાય છે અને તેથી અમુક પ્રકારે જુદો પડી જાય છે. છતાં ચારિત્ર બાકી છે તે તેના પ્રયત્નની ખામી છે. તો પણ શ્રદ્ધામાં એટલું બળ છે કે તે પ્રયત્ન કરી અવશ્ય પાર પડવાનો જ છે જ્ઞાનીનો પ્રયત્ન ચાલુ રહે છે, પ્રયત્ન છૂટી જતો નથી. ક્ષણે ક્ષણે જે વિભાવ પરિણતિ ઊભી થાય છે તેની સામે તેનો એકત્વ ન થાય એટલો જોરદાર પ્રયત્ન ઊભો જ રહે છે. શ્રદ્ધાના બળથી ને જ્ઞાયકની પરિણતિથી ક્ષણે ક્ષણે પરિણતિને પોતા તરફ ખેંચતો પોતે ઊભો રહે છે. તેના પ્રયત્નમાં જેટલું બળ હોય તેટલું સહજપણે રહે છે. તેને અમુક (ચારિત્રના) પ્રયત્નની કચાશને લઈને વાર લાગે છે છતાં જ્ઞાયકની ધારા ક્ષણે ક્ષણે હાજર જ રહે છે. તેથી પર સાથે એકત્વ થતો નથી. શ્રદ્ધાના બળથી એટલો પ્રયત્ન તેને પ્રગટ થયો છે અર્થાત્ તેને એટલો જોરદાર પ્રયત્ન સાથે રહે છે કે વિભાવ કે પર સાથે એકત્વ થતું જ નથી. વિભાવ સાથે અનાદિનું એકત્વ હતું તે એકત્વ હવે નથી થતું, દરેક કાર્યમાં જુદો ને જુદો રહે છે. સ્વાનુભૂતિની દશા પ્રગટ થઈ ત્યારથી વિભાવ સાથેનું એકત્વ કોઈ ક્ષણે થતું નથી. એવો તેનો સહજ પ્રયત્ન ચાલે છે કે પરના કોઈ કાર્યમાં કે શુભાશુભના કોઈ વિકલ્પમાં એકત્વ થતું નથી. ઊંચામાં ઊંચા શુભ વિકલ્પ હોય તો પણ એકત્વ થતું જ નથી, તેનાથી વિશેષ પ્રયત્ન નથી એટલે તેને ચારિત્રદશામાં વાર લાગે છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૮૮)**

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



પ્રશ્ન :– વિશેષનો ખ્યાલ આવે છે પણ સામાન્યનો ખ્યાલ આવતો નથી. હંમેશાં વિશેષ ઉપરથી એમ થાય છે કે આવું સામાન્ય હોવું જોઈએ ? તો શું તે બરાબર છે ?

સમાધાન :– સામાન્યનો ખ્યાલ આવે અને વિશેષનો પણ ખ્યાલ આવે. સામાન્ય વિશેષ પોતે વસ્તુ જ છે. તેથી બંનેનો ખ્યાલ આવે છે. વિશેષ અનુભવમાં આવે છે, પણ તેથી સામાન્યનું જ્ઞાન નથી થતું એવું નથી. સામાન્ય-વિશેષ બંને ખ્યાલમાં આવે છે.

વિશેષ ઉપરથી સામાન્ય ખ્યાલમાં આવે એટલે સામાન્ય ખ્યાલમાં જ નથી આવતું એવું નથી. પોતે નથી જાણતો એટલે પહેલાં વિશેષ ઉપરથી ગુણ-ગુણીના ભેદ પાડી સમજાવવામાં આવે છે, પણ જ્યાં વિકલ્પ છૂટી જાય છે અને પોતે પોતાને જાણે છે તેમાં સામાન્ય-વિશેષ બંને ખ્યાલમાં આવી જાય છે. તેમાં કાંઈ તેને વિશેષ પહેલાં ખ્યાલમાં આવે અને સામાન્ય પછી ખ્યાલમાં આવે એવું રહેતું નથી; ઊલટું સામાન્ય તેને મુખ્ય થઈ જાય છે. સામાન્ય ઉપર દૃષ્ટિ થતાં તે મુખ્ય થઈ જાય છે અને જ્ઞાન ઉપયોગાત્મક થઈને પોતે પોતાને સામાન્યને અને વિશેષને-બંનેને જાણે છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૮૩)**

✣

પ્રશ્ન :– વર્ણગુણ દેખાય નહિ, પણ તેની કાળી-પીળી પર્યાય ઉપરથી તેનો ખ્યાલ આવે. તેમ શું પર્યાય કે ગુણભેદ ઉપરથી દ્રવ્યસ્વભાવનો ખ્યાલ આવતો હશે ?

સમાધાન :– જે નથી જાણતો તેને પર્યાયથી સામાન્યનો ખ્યાલ કરાવવામાં આવે છે, પણ તેથી સામાન્ય સીધું ખ્યાલમાં ન આવે એવું નથી, સામાન્ય સામાન્યથી ખ્યાલમાં આવે છે. જેમ વર્ણથી પુદ્‌ગલ જણાય છે તેમ વિશેષના જ્ઞાનથી આત્માનો ખ્યાલ કરાવતાં તે સીધો ન જણાય એવું નથી. પહેલાં તેને અનુમાન-જ્ઞાન હોય છે એટલે વિશેષથી સામાન્યનો ખ્યાલ કરાવાય; પણ જ્યાં સામાન્ય ઉપર દૃષ્ટિ ગઈ તો સામાન્ય સામાન્યથી જણાય છે, પોતે પોતાના અસ્તિત્વથી જણાય છે. સામાન્ય સ્વરૂપ પોતે પોતામાં અસ્તિરૂપ છે, કાંઈ નાસ્તિરૂપ નથી; તેથી પોતે પોતાના અસ્તિત્વથી અભેદરૂપે જણાય છે પોતે ચૈતન્ય છે, માટે પોતે પોતાના સામાન્ય સ્વરૂપને જાણે છે. વિશેષથી સામાન્યને જાણતાં લક્ષણ-લક્ષ્યનો ભેદ પડે છે; પણ જ્ઞાની સામાન્ય સ્વરૂપને પોતે પોતાથી જાણે છે કે આ હું છું. આ હું ચૈતન્ય છું, એમ પોતે ગુણના ભેદ પાડ્યા વગર અભેદ સ્વરૂપે શ્રદ્ધા કરે છે અને જ્ઞાનમાં જાણે છે. જેમ પ્રત્યક્ષ કેવળજ્ઞાન થાય તે સીધું સામાન્યને જાણે છે તેમ સમ્યગ્દૃષ્ટિ પણ સામાન્યને પોતે પોતાના અનુભવમાં જાણે છે, અસ્તિસ્વરૂપ હું છું એમ જાણે છે. સામાન્ય ન જણાય એમ નથી, પોતાના અસ્તિત્વથી પોતાને જણાય છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૮૪)**

✣

પ્રશ્ન :– વિચાર અને ધ્યાનમાં શું ફેર ?

સમાધાન :– આત્માના વિચાર છે તે જ્ઞાનની પર્યાય છે. દ્રવ્ય કેવું છે ? ગુણો કેવા છે ? તેમ વિચારમાં અનેક ભેદ પડે છે—અને ધ્યાન એટલે એકાગ્રતા, આત્મામાં એકાગ્ર થવું તે. એક અગ્ર આત્માને લક્ષમાં લઈને–મૂળ વસ્તુને ગ્રહણ કરીને–તેમાં એકાગ્રતા કરવી તેનું નામ ધ્યાન છે.

વિચારમાં તો અનેક પ્રકારના ભેદ પડે છે. ગુણભેદ, પર્યાયભેદ વગેરે બધાના વિચાર આવે; પણ ધ્યાનમાં તો આત્માને લક્ષમાં લઈને પરથી ને વિભાવથી જુદો તથા ક્ષણિક પર્યાય જેટલો પણ હું નથી એમ ભેદજ્ઞાન કરી, બસ, એક ચૈતન્યમાં લીનતા-એકાગ્રતા કરે છે. ભેદજ્ઞાન કરી તેમાં એકાગ્રતા કરવી તે ધ્યાનનું લક્ષણ છે.

**(સ્વાનુભૂતિદર્શન-૨૮૫)**

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૨૦ ઉપર)**

**૫૫૦**

મુંબઈ, માગશર વદ ૧૧, રવિ, ૧૯૫૧




પરમ સ્નેહી શ્રી સોભાગ,

ગઈ કાલે તમારું લખેલું પત્ર ૧ પ્રાપ્ત થયું છે. અત્રેથી પરમ દિવસે પત્ર ૧ લખ્યું છે તે તમને પ્રાપ્ત થયું હશે. તથા તે પત્ર ફરી ફરીને વિચાર્યું હશે; અથવા વિશેષ કરી વિચારવાનું બને તો સારું.

એ પત્ર અમે સંક્ષેપમાં લખ્યું હતું, તેથી વખતે તમારા ચિત્તને સમાધાન પૂરતું કારણ ન થાય, એ માટે છેવટે તેમાં લખ્યું હતું કે આ પત્ર અધૂરું છે. અને તેથી બાકી લખવાનું આવતી કાલે થશે.

આવતી કાલે એટલે ગઈ કાલે તે પત્ર લખવાની કંઈક ઇચ્છા છતાં આવતી કાલે એટલે આજે લખવું તે ઠીક છે, એમ લાગવાથી ગઈ કાલે પત્ર લખ્યું નહોતું.

ગયા પરમ દિવસે લખેલા પત્રમાં જે ગંભીર આશય લખ્યા છે, તે વિચારવાન જીવને આત્માના પરમહિતસ્વી થાય તેવા આશય છે. એ ઉપદેશ અમે તમને ઘણી વાર સહજસહજ કર્યો છે, છતાં તે ઉપદેશ આજીવિકાના કષ્ટક્લેશથી તમને ઘણી વાર વિસર્જન થયો છે, અથવા થઈ જાય છે. અમારા પ્રત્યે માવીતર જેટલો તમારો ભક્તિભાવ છે, એટલે લખવામાં અડચણ નથી એમ ગણીને તથા દુઃખ સહન કરવાની અસમર્થતાને લીધે અમારી પાસેથી તેવા વહેવારની યાચના બે પ્રકારે તમારાથી થઈ છે :– એક તો કંઈ સિદ્ધિયોગથી દુઃખ મટાડી શકાય તેવા આશયની, અને બીજી યાચના કંઈ વેપાર રોજગારાદિની. બેમાંની એકે યાચના તમારી અમારી પાસે થાય, તે તમારા આત્માને હિતનું કારણ રોધનાર, અને અનુક્રમે મલિન વાસનાનો હેતુ થાય; કેમકે જે ભૂમિકામાં જે ઘટે નહીં તે જીવ તે કરે તો તે ભૂમિકાનો તેને સહેજે ત્યાગ થાય, એમાં કંઈ સંદેહ નથી. તમારી અમારા પ્રત્યે નિષ્કામ ભક્તિ જોઈએ, અને તમને ગમે તેટલું દુઃખ હોય છતાં તેને ધીરજથી વેદવું જોઈએ. તેમ ન બને તોપણ એક અક્ષર અમારી પાસે તો તેની સૂચના પણ ન કરવી જોઈએ. એ તમને સર્વાંગ યોગ્ય છે; અને તમને તેવી જ સ્થિતિમાં જોવાને જેટલી મારી ઇચ્છા છે, અને જેટલું તમારું તે સ્થિતિમાં હિત છે, તે પત્રથી કે વચનથી અમારાથી જણાવી શકાય તેવું નથી; પણ પૂર્વના કોઈ તેવા જ ઉદયને લીધે તમને તે વાત વિસર્જન થઈ પાછી અમને જણાવવાની ઇચ્છા રહ્યા કરે છે.

તે બે પ્રકારની યાચનામાં પ્રથમ જણાવી છે તે યાચના તો કોઈ પણ નિકટભવીને કરવી ઘટે જ નહીં, અને અલ્પમાત્ર હોય તોપણ તેને મૂળથી છેદવી ઘટે; કેમકે લોકોત્તર મિથ્યાત્વનું તે સબળ બીજ છે, એવો તીર્થંકરાદિનો નિશ્ચય છે; તે અમને તો સપ્રમાણ લાગે છે. બીજી યાચના છે તે પણ કર્તવ્ય નથી, કેમકે તે પણ અમને પરિશ્રમનો હેતુ છે. અમને વહેવારનો પરિશ્રમ આપીને વહેવાર નિભાવવો એ આ જીવની સદ્‌વૃત્તિનું ઘણું જ અલ્પત્વ બતાવે છે; કેમકે અમારા અર્થે પરિશ્રમ વેઠી તમારે વહેવાર ચલાવી દેવો પડતો હોય તો તે તમને હિતકારી છે, અને અમને તેવા દુષ્ટ નિમિત્તનું કારણ નથી; એવી સ્થિતિ છતાં પણ અમારા ચિત્તમાં એવો વિચાર રહે છે કે, જ્યાં સુધી અમારે પરિગ્રહાદિનું લેવુંદેવું થાય, એવો વહેવાર ઉદયમાં હોય ત્યાં સુધી જાતે તે કાર્ય કરવું અથવા વહેવારિક સંબંધી દ્વારાદિથી કરવું, પણ તે સંબંધી મુમુક્ષુ પુરુષને તો પરિશ્રમ આપીને ન કરવું, કેમકે જીવને મલિન વાસના તેવા કારણે ઉદ્‌ભવ થવી સંભવે; કદાપિ અમારું ચિત્ત શુદ્ધ જ રહે એવું છે, તથાપિ કાળ એવો છે કે, જો અમે તે શુદ્ધિને દ્રવ્યથી પણ રાખીએ તો સામા જીવને વિષમતા ઉદ્‌ભવ

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૧૯ ઉપર)**